સૌ. કંકુબાઈ સ્મારક ગ્રંથમાળા નં. ૧૩.

"કરકસર ને ઉદારતા."

લખનાર

કવિ ભવાનીશંકર નરસિંહરામ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી

રા. રા. હીરાલાલ ત્રી. પારેખ; બી. એ.

આસિ. સેક્રેટરી—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦. સને ૧૯૧૨

કીમત એક આનો.

અમદાવાદ—ખાડીઆમાં, હિતેચ્છુ પ્રેસમા હરિપ્રસાદ
પિતાંબરદાસ મહેતાએ છાપ્યું.

" કરકસર ને ઉદારતા. "

કરકસર જગતના સુધારાની સાથે શરૂ થાય છે, અથવા કરકસરથીજ સુધારો થયો છે. દરેક માણસે પોતાની સંસારી સ્થિતિ સુધારવાને માટે અને પોતાની સ્વતંત્રતા સ્થાપવાને માટે પોતાની કમાઈમાંથી કાંઇક બચાવવું જોઇએ. એ સ્વતંત્રતા એકદમ મળતી નથી પણ લાંબો વિચાર, ડહાપણ, કરકસર અને મન મારવાથી જ મળે છે.

કરકસરનો ઉચ્ચ હેતુ એ છે કે, માણસે પોતાનું દ્રવ્ય મુખ્યત્વે કરીને સારાં કામોમા વાપરવું, મોજ મઝા અને ભોગમાં વાપરવું નહિ. કામ કરવામાં આળસ, અવિચાર, ગર્વ, દુર્ગુણ, અને પુષ્કળ ભોગ ભોગવવાથી દ્રવ્ય એકઠું થતું નથી, તેમાં પણ બેશુમાર ભોગ અને અમર્યાદ ખર્ચ એ બે અને કરકસરને તો કદી બનતું આવતુંજ નથી.

" દોલત ઘણી વખતે કાંટા જેવી લાગે છે, કારણ કે તે મેળવતાં મગજમાં ફીકરના કાંટા ઘણા ખુંચે છે, અને જે જતી વેળાએ પણ દિલમાં ખટક લાગે છે." તે છતા દોલત આ દુનિયામાં ઘણી અગત્યની છે. જગતનો વ્યહવારજ દોલતથી ચાલે છે, એવી દોલતનો કરકસરથી ઉપયોગ કરવાની આવશ્યક્તા છે.

કરકસર જ્યારે દુનિયામાં નાણાનું ચલણ નહોતું ત્યારથીજ રાખવામા આવતી હતી. આજે આટલું જોઇશે અને કાલને માટે આટલુ બચાવીએ તો સારૂં, એમ માણસ સમજવા લાગ્યાં તે વખત-થી કરકસરનો આરંભ થયો છે. પ્રજાની દોલત ઉત્પન્ન કરવાને અને વધારવાને જેમ અર્થશાસ્ત્રની જરૂર છે, તેમ કરકસરનો હેતુ કુટુંબનું સુખ સ્થા-પવાનો અને તેમાં વૃદ્ધિ કરવાનો છે. માણુસ જે કરકસર કરી જાણતો નથી, તે પોતાનો, પોતાના કુટુંબનો તથા જે સંસારી મંડળમા તે રહે છે, તેનો દુશ્મન બને છે; એથી ઉલટું કરકસર

કરી જાણનાર એ સર્વનો મિત્ર બને છે.

ઉડાઉપણાથી મ્હોટી મ્હોટી પ્રજાઓ લય પામી, મ્હોટા મ્હોટા રાજ્યો નાશ પામ્યા, તેમજ અવિચારી ખર્ચથી સારા સારાં મોટાં કુટુંબો પડતી સ્થિતિમા આવી ગયા છે.

કરકસરથી દ્રવ્ય વગેરેનો સંગ્રહ થાય છે અને એ સંગ્રહ વિના માણસો કેવી જંગલી સ્થિતિમા રહેત? હુન્નર, જ્ઞાન અને નવી શોધો આગળના લોકો અથવા આપણા પૂર્વજો જે આપી ગયા છે તેજ પૂર્વજો જો કરકસરીઆ ન હોત તો આપણે તેમની પેદાશોનું એ ઉમદા ફળ ક્યાંથી ચાખત ? દુનિયામાં જે સુધારો થયો છે તે આગલા જમાનાની કરકસરને લીધેજ થયો છે. કરકસરથી મુડી ઉત્પન્ન થાય છે, અને મુડી એ મહેનતનું સાચવી રાખેલુ ફળ છે. કરકસર કુદરતની પ્રેરણા બુદ્ધિ નથી પણ રીતભાતનું સંપાદન કરેલું તત્વ છે. કરકસર કરવામાં મનને વશ રાખવું પડે છે. ભવિષ્યના સુખને માટે ચાલતા વખતની મોજ મઝા છો-

ડવી પડે છે. કરકસર કરવામાં મનુષ્ય જાતિની ઉડાઉ બુદ્ધિ તથા પશુવત્ વાન્છનાનો, જ્ઞાન, લાંબા વિચાર, અને ડહાપણુનો ભોગ આપવો પડે છે કરકસરમાં આજને માટે મહેનત કરી કાલને માટે બચાવી રાખવાનું હોય છે.

માણુસનો મ્હોટો ભાગ ભવિષ્યને માટે આગળથી બદોબસ્ત કરતો નથી તેઓ ભૂતકાળને યાદ કરતા નથી. ફક્ત ચાલતા સમયનો જ વિચાર કરે છે. જેટલુ મળે તેટલુ ખરચી નાખવુ, એજ તેમનો હેતુ હોય છે. પોતાને માટે તથા પોતાના બચ્ચા છોકરા માટે કેમ બચાવવુ તે તેમને ધ્યાનમા રહેતું નથી. જેટલુ મળે તેટલુ ખાવા પીવામાં ઉડાવી દેવાથી તેઓ હમેશા ગરીબને ગરીબ રહે છે. એક લખનાર પૈસા બચાવવાનો ઉપાય કહે છે—

"પૈસા વધારવાના દુનિયામા એક એ ઇલાજ છે. તે એ કે પેદાસમાથી ખર્ચ બાદ જેટલો બને તેટલો બચાવ કરવોજ. એ રીતથી ગરીબ

લોકો તવગર થયા છે, અને પૈસાદાર વધારે પૈસાદાર થયા છે. જેટલું તમને મળે તેટલુ બધું તમે ખરચી નાંખો તો તમારી પાસે પૈસા વધવાના નહિ માણુસ જે પેદા કરે છે તે તેની દોલત ગણાતી નથી પણ જે કાઇ બચાવે છે, તેજ તેની દોલત ગણાય છે. થોડું કમાતા હો તો તેની કાઇજ ફિકર નહિ, પણ તમે ખર્ચ ઓછો કરો અને કાંઈ બચાવો એટલે થોડા વખતમા તમારી હાલત સારી થશે. જે માણુસ જેટલુ પેદા કરે છે, તેટલુ ખરચે છે, અને કાંઇ દૈવી બનાવથી તવગર થવાની ઉમેદ રાખે છે તે માણુસ ગરીબાઈના દબાણુમા આવી પડે છે. સંસારી મંડળના બે ભાગ થાય છે, એક-બચાવનારા, અને બીજા ઉડાવનારા. ભવિષ્યકાળનો વિચાર કરનારા અને અવિચારી, કરકસરીઆ અને ઉડાઉપણું વધારનારા. આ બે વર્ગમાંના પહેલા હમેશા જગતમાં ફતેહ પામે છે. મહેનતથી તેઓ મુડી મેળવે છે. કરકસરથી બચાવે

છે અને કાળજીથી તેમાં વધારો કરે છે. કરકસર વગર કોઈ પણ તવગર થઇ શકતું નથી, અને કરકસરવાળું માણસ કદી પણ ગરીબાઇમાં દિવસ ગુજારતું નથી.

આપણે કહ્યું છે તેમ કરકસર જીંદગી ભોગવવાના સાધનોની કેળવણી છે. ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, બોલવું, ચાલવું, બધામા કરકસર થઈ શકે, એટલે કે સઘળામા આપણે નિયમિત રહી શકીએ, પરતુ કરકસર વ્યવહારિક બાબતોમાં ધન સપાદન કરી તેને સધરી રાખી તેનો યથાશક્તિ ઉપયોગ કરવામા ઘણીખરી રહેલી છે. કરકસરથી સંઘરેલા સાધનોનો ઉદાર બુદ્ધિ ઠીક ઉપયોગ કરી જાણે છે, માટે કરકસર અને ઉદારતાને ઘણો સંબધ છે. કરકસર ભવિષ્યને માટે જે સાચવી રાખે છે, તેને ઉદાર બુદ્ધિ સારી રીતે વાપરી શકે. કરકસર અને ઉદાર બુદ્ધિ બે ગુણો છે. જેમ કરકસર કંજુસાઇ નથી, તેમ ઉદારતા એ ઉડાઉપણું નથી. પણ કરકસર ઘરમાં

શરૂ થાય છે, તેમ ઉદારતા પણ ઘરમાંજ શરૂ થવી જોઇએ. એક અંગ્રેજી કહેવત છે કે—

Charity begins at home.

"કંગાલ અવસ્થામાં હોવાથી માગીભીખીને અથવા તો ઘણીજ મહેનત કરીને બચ્ચાં છોકરાને ખાવા સારૂં દાણા આણ્યા અને બારણે એથી પણ વધારે કંગાલ માણસો આવ્યાં તેને આપી દીધા. એ ઉદારતા તો ખરી પણ પ્રસંશનીય ઉદારતા નજ કહેવાય. "ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો" એવી ઉદારતાને નાપસદ કરનારી આ કહેવત છે. કેટલાએક બ્હારવટીઆ લુટારાઓને માટે કહેવાય છે કે, તેઓ ઉદાર છે, પણ પારકું ધન લુંટી લાવવું અને તેનો ધર્માદામાં ઉપયોગ કરવો અથવા છુટે હાથે વાપરવું, એ ઉદારતા તે કેવી ! ! વગર મહેનતે અથવા કાકતાળી ન્યાયથી મળેલા પૈસા માણુસો તરેહવાર રીતે વાવરે છે તે આપણે ઘણીવાર જોઇએ છીએ. કેટલાકો નવાં નવાં મકાનો બ-

ધાવે છે, કેટલાકો ગાડીઘોડા રાખે છે, કેટલાકો દુર્ગુણોને સેવે છે, અને કેટલાકો ઉદારતા બતાવે છે, પણ તેમાંના ઘણાખરાઓની ઉદારતામા પશુવ્રત વાંચ્છના નિકટ સંબંધ ધરાવે છે. એ તે ખરી ઉદારતા નહિ. મિત્રમંડળ કે જે મોજી વિચારે પસંદ કરેલુ હોય છે, તેને ખવરાવવું પીવરાવવું અને ગાડીઘોડે બેસારીને ફેરવવુ એ ઉદારતા ખરેખર ઉડાઉપણાની બ્હેન છે. ખરા પસીનાથી એટલે પ્રમાણિકપણાથી મેળવેલી ભાખરીમાથી જાતે ખાવું, પોતાના ઘરના માણસોને ખવરાવવું, અને વધારીને તેનો ટુકડો જેને તેની ખરી જરૂર હોય તેને આપવો એ તે ખરી ઉદારતા. એ બચાવવાનીજ ટેવ ઉત્તમ છે અને તે એક શક્તિ છે. કેટલાએક જેઓ ઉડાઉપણાની હદ ઉપર રહે છે, તેઓ જો કે પૈસાની કિમત સમજતા હોય તોપણ જુદો રસ્તો પાડે છે. કરકસરનો ખરો લાભ કોરે મુકી તેઓ પૈસામાં ક્ષણ ભંગુર સુખ છે એમ સમજે છે. લાખ

મળવાના નહિ અને લખેશરી થવાના નહિ, ” એ કહેવત તેઓ સ્વીકારે છે અને જેમ મળે તેમ ખરચે છે, એથી તેઓ સદાજ લાખનો સુખકારી પાક કદી પણ પકવી શકતાજ નથી, કારણ કે તેના બીજનોજ તેઓ નાશ કરે છે. વખતનો ખરો ઉપયોગ કરનારા જેટલી ક્ષણની કિંમત જાણે છે તેટલી તેઓ કણની કિંમત જાણતા નથી.

ક્ષણે ક્ષણે મ્હોટા ગ્રંથોનો અભ્યાસ થાય છે અને કણે કણે અનાજનો ભંડાર ભરાય છે. કાંકરે કાંકરે પાળ બંધાય છે અને ટીપે ટીપે સરોવર ભરાય છે, એ કહેવતો હજારો વર્ષોથી કરકસરીઆ માણસોના અનુભવથી સિદ્ધ થયેલી છે. એ અમૂલ્ય કહેવતોનો ભંગ કરનારા દ્રવ્ય સંગ્રહ ક્યાથી કરી શકે ? એક સંસ્કૃત કવિ આવીજ મતલબનું કહે છે કે—

श्लोक.

जलबिंदुनिपातेन क्रमशः पूर्यते घटः ॥
सहेतुः सर्वविद्यानां धर्मस्य च धनस्य च ॥१॥

મતલબ—ટીપે ટીપે ઘડો ભરાય છે. થોડુ થોડુ વિદ્યાભ્યાસ કરતાં વિદ્યા પૂર્ણ ભણાય છે, અને તેવી રીતેજ ધર્મ તથા ધન પણ વધે છે.

ધનસંપાદન કરવાને માટેજ આપણે ઉદ્યોગ કરવો જોઇએ એમ નથી, પણ એ સાધનો જ્યારે આપણને મળે છે, ત્યારે આપણે તેનો કાળજીથી વાજબી ઉપયોગ કરવો. મહેનત સખ્ત કરીએ અને તેમ છતાં કમાણી જલદીથી ગુમાવીએ તો તેમાંથી કાંઇજ ફાયદો થતો નથી. ફકત એટલુંજ કે "બેઠાં કરતાં બેગાર (વેઠ) ભલો."

મહેનત નહિ કરીએ અને કાંઇક થોડું ઘણું મળે તે જેમ મરજીમાં આવે તેમ ખરચી નાંખીએ તો આપણાં સાધનો જલદીથી ખૂટી

૪૪૬૬

જશે અને કરજમાં પડવાથી વિપત્તિમાં સપડાઇ જઇશું.

ખરો રસ્તો એ છે કે, કમાઇના પ્રમાણમાં ખર્ચ રાખવો. જેટલું આપણને મળે તેટલું ખરચી નાખવું નહિ. "પૈસા રળી જાણે તેના કરતા સાચવી જાણે તેનામા વધારે ડહાપણ જાણવુ." આઠની કમાઇ અને બારનો વરો કરનારા ખરેખરા મૂર્ખ જાણવા. તેનુ તો જોતાં જોતામાં આવી બને છે. આઠની કમાઈ ને આઠનો વરો કરનારા ઝાઝા દિવસ ટકતા નથી. મળે તેટલું ખાઈ ખરચી નાખે તે લોકો ભવિષ્યનો વિચાર કરતા નથી. આ શરીરનો કોઇને ભરોસો નથી. આજે આ શરીર ત્રાંબા સરખું છે પણ કાલે તે બગડી જશે. કમાઇ કરવાનો વખત રહેશે નહિ, કારણ કે શરીરની શકિત જતી રહેશે, માટે જો બચાવ્યું નહિ હોય તો પાછળથી પસ્તાવું પડશે. કેટલાક અવિચારી માણસોએ મરતી વખતે પાછલી જીંદગીમાં સુકૃત્યો નહિ કરેલાં હોવાને લીધે

પરતાવો કર્યો છે, તેમ કેટલાકોએ પૈસા સંબંધી દુઃખમા આગળના ઉડાઉપણાનો પરતાવો કર્યો છે.

દરેક જણે કાંઇ નહિ તો કાંઇક પણ પોતાની કમાઇમાથી બચાવવું જોઇએ કે ઘડપણ અથવા મંદવાડ અથવા બીજી કાંઇ અડચણોથી ઉદ્યોગ ન થઇ શકે તેવે વખતે સચી રાખેલુ ધન કામ લાગે. ગમે એટલુ થોડું આપણે કમાતા હોઇએ તોપણ આપણાથી બને તેટલું આપણે બચાવવું જોઇએ છીએ, કે તે આપત્તિને વખતે સહાયભૂત થઇ પડે. એક લખનાર વાજબી કહે છે કે—" જેમ ઘણું ખાધાથી આપણું શરીર જબરૂં થતું નથી પણ ખાધેલુ જીરવ્યાથી આપણું શરીર જબરૂં થાય છે, તેમજ આપણી આવક અથવા પેદાશથી આપણે માતબર થવાના નથી, પણ તે આવક અથવા પેદાશમાંથી માફકસર ખર્ચ કરી તેમાંથી કાંઇક બચાવવાથી આપણે માતબર થઇશું."

આપણે ગમે તેવા દ્રવ્યવાન હોઇએ તો-

પણ આપણો પૈસો યોગ્ય અવસરે ખરચાય એવી આપણે સંભાળ લેવી જોઇએ. મુર્ખાઇ ભરેલી અથવા ક્રૂર રમત ગમતમાં આપણે તેને ગુમાવીએ તો તે પૈસો નાખી દેવાના કરતાં ખરાબ રસ્તે વાપરેલો કહેવાય. જાણે તે પેદા કરવાને માટે આપણે કાંઇ મહેનતજ નથી કરી એમ ઠરે. એ ઉદ્યોગ અને એ પૈસો આપણો પણ નહિ અને દુનિયાને પણ કશા ખપનો નહિ. કાંઇપણ ઉપયોગની હોય એવી ચીજ બગાડતા તથા ખાવાની ચીજ નકામી ગુમાવતાં આપણે સભાળ લેવી જોઈએ. એવી ચીજો સંભાળથી બચાવીને જે ગરીબ કંગાલને તેની ખરી જરૂર હોય તેને આપી હોય તો કેવું ધર્મનું કામ થાય. નજીવી ચીજોમા તેનો ગેરઉપયોગ કર્યો હોય, અથવા જે સારી ચીજો આપણે ખરીદ કરીએ તે ગુમાવી દીધી હોય તો તે કેટલું મુર્ખાઇનું કામ છે? નીચેની બાબત અત્રે દાખલ કરવાની જરૂર છે.—

"શિયાળાની ઋતુમાં કીડીઓનું ટોળું કણ સાચવવા અને વ્યવસ્થા કરવાના કામપર મંડયું હતું. દાણા તેઓએ હવામાં ઢગલો કરીને ખુલ્લા મૂકયા હતા. એક ભુખે મરતું તીડ ત્યાં આવ્યું અને કરગરીને તેમની પાસેથી ખાવાનું માગ્યું. એક કીડીએ કહ્યું તેં તારો વખત ઉન્હાળામા કેમ ગાળ્યો? ટીડે જવાબ દીધો. "મેં મારો વખત ગાન તાન અને ખાવા પીવામાં ગાળ્યો." કીડીએ કહ્યું—"ઠીક, ત્યારે તું આવી ને આવીજ અવસ્થા પામવાને લાયક છું. જેઓ ઉન્હાળામાં મોજ મઝા ભોગવે છે તે નક્કી શિયાળામાં ભૂખે મરે છે."

કેટલાક મ્હોટા પુરૂષો કરકસરને માટે પ્રખ્યાત થઇ ગયા છે. મ્હાન સિકંદરનો પોશાક એવો હતો કે, તેના હાથ નીચેના અમલદારોમાંથી તે ઓળખાઇ આવવો મુશ્કેલ પડતું. જર્મનીનો શહેનશાહ રોડોલ્ફ એવો સાદો અને હલકો પોશાક પહેરતો હતો કે એક દિવસ તે

એક ભઠિઆરાની દુકાને ટાઢ વાવાથી તાપવા ગયો ત્યારે ભઠિયારાની બાયડીએ તેને એક હ-લકો માણુસ ધારીને ધમકાવી કાઢયો. સુવર્ણ સમયનો શહેનશાહ આગસ્ટસ આખી દુનિયાનો પાદશાહ હતો તોપણ પોતાની બાયડી અને બેટી પાસે પોતાનાં પહેરવાનાં કપડાં શિવડાવી પહેરતો અને જે બિછાનામાં તે સૂતો તે બિછાના કરતા એક સાધારણ માણુસનું બિછાનું પણ ઓછી કિંમતનું નહિ હોય. રોમનો એક કોન્સલ કેટો ચાર પાંચ રૂપિયાથી વધારે કિમતનો ડગલો પહેરતો નહિ, અને કહેતો કે જેની મારે જ-રૂર નથી તે નજીવી કિમતે મળે તોપણ હું મોઘું સમજું છું. સ્પેનનો રાજા અને જર્મનીનો શહેનશાહ પાચમો ચાર્લ્સ જે રોડોલ્ફનો વંશજ થાય તે પણ ઘણાં સાદાં કપડાં પહેરતો અને તેજ પ્રમાણે ફ્રાન્સ દેશ જે ઓઢવા પહેરવામાં બહુજ ખર્ચાળ છે, ત્યાનો ૧૧ મો લૂઇ પોશાકની બાબતમાં ઘણોજ સાદો રહેતો, સાદો રહેતો એટલુ-

જ નહિ પણ પોશાકમાં તે એવો કરકસરીઓ રહેતો કે, લુગડાંપર થીગડાં હોય તોપણ દરકાર કરતો નહિ. જૂના કોટની બાંય ફાટી જાય તો તે કોટ તેમને તેમ રહેવા દઈ તેને નવી બાંય નંખાવતો, અને પોતાના ખર્ચનો હિસાબ એવો નિયમસર રાખતો કે તેના રોજમેળમાંથી જોડા ચોપડવાના તેલનો એક આનો ખરચેલો પણ માલમ પડતો.

આ સઘળા મોટા પુરૂષો કરકસરીઆ તો ખરા, પણ તેની સાથે તેમની ઉદારતા પણ તેવીજ હતી. મહાન્ સિકંદર ઘણોજ ઉદાર પાદશાહ હતો. જર્મનીનો પાચમો ચાર્લ્સ પણ તેવોજ હતો. ટુંકામાં એ સઘળા પાદશાહો યોગ્ય પ્રસંગે મોટો ખર્ચ કરવાને ચૂકતા નહિ.

છોકરાએ હમેશાં દરેક ચીજની સંભાળ લેતાં શીખવું જોઈએ. માત્ર પોતાના ફાયદાને માટે હોય તેવી ચીજનીજ નહિ, કેમકે એમ કરવાથી સ્વાર્થ માલુમ પડે પણ દરેક ચીજની સંભાળ લેવાનો મુખ્ય હેતુ એ કે

તે ચીજ તેઓ પાસે હોય તેમાંથી તેના સો-બતીઓને ભાગ આપવો એ ઉદારતા કહેવાય; પણ તે સિવાય કાંઈ ચીજ ગુમાવવી નહિ.

એક કુટુમ્બમા ઘણોજ વખાણવાલાયક નિયમ જળવાતો હોય કે જે નિયમમાથી કરકસરનો મ્હોટો ધડો લેવાય તે કરકસરમા કાઇ કટાળા ભરેલુ કે અગવડવાળુ હોય નહિ. તે કુટુમ્બ પોતાના ખરેખરા કિમતી નિયમને લીધે એટલું સુખી હતું કે બીજાં કુટુમ્બો જેને મળતુ તે તેના જેટલા સુખી નહતા. એ કુટુમ્બમા જ્યારે છોકરાનો બાપ કાઇક ખાવાની ચીજો કે પછી બીજી કાઇ ખપની વસ્તુનું પડીકું લાવે કે મ્હોટા છોકરા હોય તે વગર કહેવે પડીકાનો કાગળ અને તેની બાંધેલી દોરી ઘણુંકરીને નાખી દેવામા આવે છે તે સાચવીને મૂકી રાખે, પણ ઘણા છોક-રા કરે છે તેમ તેને બાળી મૂકે કે તોડી ફેંકી દે નહિ. કુટુમ્બમાંના છેક ન્હાના છોકરાને કાઇક

રમવાને માટે એટલે કે ગોફણને માટે અથવા ભમરડો ફેરવવાને માટે દોરી જોઇએ તે બજારમાં લેવા જવાની જરૂર પડતી નહિ, ઘરમા તૈયારજ હોય. આ ન્હાનાં છોકરા જ્યારે રમીને કુટાળે અને પોતાની " જાળી " વગેરે જમીનપર નાખી દે ત્યારે મોટા છોકરા પોતાની સમજથીજ પોતાના ન્હાના ભાઇ ભાંડુની બાળક બુદ્ધિ વિચારીને તે ચીજો લાવી જગ્યાપર પાછી મૂકે એવો નિયમ ખરેખર કરકસરનો પિતા છે. દરેક જગ્યામા તેની ચીજ અને દરેક ચીજને માટે તેની જગ્યા હોય તો કેવી સગવડ મળે ? એમ કરવાથી દરેક ચીજ કેવી રીતે સચવાઇ રહે ? અને તેથી બચાવ કેટલો થાય ? કરકસર કરવી કેટલી સુલભ થઇ પડે ! ખરેખર ન્હાનપણથી બચ્ચાઓને આવો કરકસરનો ઉત્તમ નિયમ શિખવ્યો હોય તો તેઓ પોતાની જાતને, મંડળીને અને દુનિયાંને કેટલાં બધાં લાભકારક થઇ પડે ! પોતાની જીંદગીમા

તેઓ ઘણા ઉડાઉ માણસોને પણ શિખામણ રૂપ થઇ પડે.

કેટલાકો એવા હોય છે કે, તેઓ ઉડાઉ-પણાને ધીકારે છે. કરકસરના ફળ સારા હશે, અને હોયજ એમ તેઓ સમજે છે, અથવા તે-ઓને ખાતરી થાય છે છતા પણ તેઓ કરક-સરને કોઇ કોઇ વખત ભૂલી જાય છે, તેવાઓને પ્રત્યક્ષ ફળ દેખાડ્યા હોય તોજ સમજે કે દરેક બાબતમા એટલે કે ખાવા, પીવામા, પહેરવા ઓઢવામા કરકસર બહુ કામની છે.

વેલેન્ટાઇન નામનો એક વિદ્યાર્થી નિશા-ળમા ભણતો હતો. પોતાના સોબતીઓને તેમના માબાપો દર અઠવાડીએ કાઇ ખીસા ખર્ચ વ-ધારે આપતા હશે. તે જોઇને વેલેન્ટાઇનને પણ મન થયું કે જોઇએ હું પણ મારા પિતાને કશી જોઉં આપે છે કે નહિ. તેના બાપને તેણે કા-ગળ લખ્યો. કાગળ તેને પહોચ્યો ! પણ પો-

તાનો દિકરો દરઅઠવાડીએ સવા રૂપિઓ માગતો હતો, તે માગણી બહાલ રાખવી તેને દુરસ્ત લાગી નહિ. તે સમજુ માણસ હતો, અને પોતાના ફરજંદની કોઇ માગણી અયોગ્ય લાગે તો તેની ઇચ્છા પૂરી ન પાડતા તેનું મન સમજુતીથી મનાવવાની તેનામાં સારી યુક્તિ હતી. એકાએક પોતાના પુત્રની વાત તોડીને ના ન પાડતાં તેણે તેને સવા રૂપીઓ દર અઠવાડીએ ખરચી નાખવાના કરતા બીજાં કાઇ સારા કામમા વપરાય કે નહિ તે વિષે સમજણ પાડી. પછી સવા રૂપિઓ દર અઠવાડીએ નકામો ખરચી નાખવો તે કરતાં નીચેની ઉપયોગી બાબતોમાં વાપર્યો હોય તો કેવું સારૂ તે બતાવ્યુ

જ્યા બટાટાનો પાક સારો થાય છે, ત્યા સવા રૂપીઆમાં ચાર ગણા બટાટા મળે એમાથી ; અઢીશેર બટાટાએ એક માણસનું એક રોજ ગુજરાન ચાલે. એ હિસાબે નવ માણસો એક આખું અઠવાડીયુ સવા રૂપીઆમા ગુજરાન કરે.

ખરેખર આ ગરીબનો ખોરાક છે, પણ એ થોડી છાશ અને મીઠા સાથે હજારોનુ ભોજન છે.

આપણી આસપાસ ઝુપડાંમા રહેનાર ગરીબ લોકો છે, તેઓને દર અઠવાડીએ ચાર આનાની રોટલી અપાવી હોય તો તેઓના બચ્ચાના રોટલામાં સારો વધારો થયો એમ સમજીને આપણો ઉપકાર માને.

ગામડાની નિશાળની ફી દર અઠવાડીએ સવા આનો થાય, માટે જો સવા રૂપીઓ ખર્ચ કરીએ તો એક અઠવાડીયામાં પંદર છોકરાને કેળવણી આપી શકાય. અને કસબાતી ગામમા પણ ત્રણ મહિનામા અઢી રૂપીઆ ખર્ચ્યા હોય તો એટલા છોકરાને લખવા વાચવાની અને હિસાબ ગણુવાની કેળવણી આપીને સાધારણ ધંધાને માટે લાયક કરી શકાય. આ હિસાબે છ છોકરાને નિશાળે મૂકી શકાય અને તેમને પુસ્તકો પણ પૂરાં પાડી શકાય.

આ સધળી રીતે દર અઠવાડીએ સવા રૂપીઆમાંથી બીજાંને કેટલો ફાયદો આપી શકાય તે બતાવ્યું. હવે એ સવા રૂપીઓ કેવા ઉપયોગમા લઇ શકાય તેના એકાદ બે દાખલા આપું છુ.

હું જાણુ છું કે તને છોડના રંગીત નકશા તથા કુદરતી ઇતિહાસના બીજા પદાર્થોનો ધણોજ શોખ છે. દરમહિને આ સબધી ઘણા પુસ્તકો પ્રકટ થાય છે. આમાના સૌથી ઉત્તમ પુસ્તક દર અઠવાડીએ સવા રૂપીઆથી લઇ શકાય.

એજ રકમમાથી લંડન શહેરની જુનાં પુસ્તકો વેચવાની દુકાનોમાથી પાચ વર્ષમા વાંચી રહેવાય તે કરતા વધારે પ્રાચીન અક્ષરવિદ્યાના શોભાયમાન પુસ્તકો ખરીદ કરી શકાય.

હવે હું દર અઠવાડીએ સવા રૂપીઓ ખર્ચવાની ના પાડતો નથી પણ જ્યારે આપણા પોતાના ઉપયોગની અને બીજાનું ભલું થાય એવી આટલી બધી સારી બાબતો બની શકે તેમ

છે ત્યારે મારી ઈચ્છા એવી થતી નથી કે તમેં આ સવા રૂપીઓ તમારા નિશાળના સોબતીઓની માફક રમત ગમતની વસ્તુઓમાં ફેંકી દેશો.

નીચલો બોધ પણ ઘણોજ ઉપયોગનો છે.

ટીપાંને તુચ્છકારતો ના
કાંકરાથી કંટાળતો ના
તણખાંને તુચ્છકારતો ના
પાઈને ધીક્કારતો ના.

દરેક પળ નકામી જવા દેતો નહિ.

કણ કણ એકઠા કરવાથીજ મણ બને છે.

ટીપુ ટીપુ પાણી એકઠું થયાથીજ સરોવર ભરાય છે.

કાંકરો કાકરો એકઠાં થતાં મ્હોટો પ્હાડ બને છે.

પાઈ પાઈ એકઠી થતાં મ્હોટો ખજાનો થાય છે, અને પળ પળ એકઠી થતાજ આપણી જીંદગી થાય છે.

ફરક્સર ખરૂં જોતાં મૂર્તિપૂજકો તથા

ખ્રીસ્તિ પ્રજાઓમા એક મ્હોટો સદ્દગુણ ગણાતો આવ્યો છે. મ્હોટા શૂરવીર પુરૂષોમા પણ એ ગુણ માલમ પડ્યો છે, અને તે નમ્ર તથા અ-પ્રસિદ્ધ ગુણ છે.

આવા ઉત્તમ ગુણની બુઝ જાણનારા ઘ-ણાજ થોડા છે. ખાન પાન, રંગ રાગ, સારાં સારા કપડા લત્તાં વગેરે બાબતો ઉપર બચપ-ણથીજ મનુષ્યોનું મન દોડે છે, અને તેને કોઇ વારનાર મળતું નથી. કરકસર જે મ્હોટો સદ્દગુણ છે તેને અવિચારથી કંજુસાઇ સાથે ગુચવી દે છે. આ ખરેખરી દિલ્લગીરીની વાત છે. કરકસર અને કંજુસાઈમાં આગળ બતાવ્યા પ્રમાણે ઘણુંજ છેટું છે. ગમે તેમ હો પણ કંજુસાઈ મંડળીને ભારી પડતી નથી. જેટલુ નુકસાન ઉડાઉપણું મંડળીને કરે છે તેનો અલ્પાંશ પણ કંજુસાઈ કરી શકતી નથી.

બિચારા "પૈસો મારો પરમેશ્વર" સમજ-

નારા કંજુસના કરતા ઉડાઉપણું બહુજ હાનિકારક છે. કંજુસ લોકો એકજ વાત સમજે છે, અને તે એ કે ધન એકઠું કરવું. ધન એજ તેમનો દેવ. નહિ સારૂં ખાવું, નહિ સારૂં પીવું, નહિ સારૂં પહેરવું, ઓઢવું, પણ એમા દુનિયાને શું નુકસાન છે. ?

ઉડાઉ માણસો હજાર રસ્તે પોતાના પૈસા કુમાર્ગે વાપરે છે. આપવા લેવામા તે રીત રાખતા નથી. ઘણા અભાગિયા માણસોને તે પોતાના આશ્રિત બનાવી મૂકે છે, અને આળસનો વધારો કરે છે. જતે દહાડે પોતે કરજમાં આવી પડે છે. આથી તેમનો તમામ ખટરાગ તૂટી પડે છે.

ખરેખર ઉડાઉઓ જગતના મ્હોટા શત્રુ સમજવા. ફ્રાંકલીન વળી ઉડાઉઓ સંબંધી જુદોજ મત ધરાવે છે. તે કહે છે કે—

" ધારાથી ઉડાઉપણું અટકાવાય નહિ અને ઉડાઉપણું એ દુનિયાંને કાંઈ ગેરલાભ કરનાર

નથી. કારણ કે મૂર્ખે ગુમાવેલો રૂપિયો ડાહ્યો માણસ ઉચકી લે છે અને તેનો કેમ ઉપયોગ કરવો;તે તે જાણે છે તેથી રૂપિયો જતો નથી."

કરકસર તો બહુ ઉમદા ગુણ છે. તે ઉદારતાની સહોદર બ્હેનજ છે. એમા કાંઈ સંદેહ નથી. કરકસર એ અતિ લોભ અને ઉડાઉપણું એ બે અવગુણો વચ્ચેનો વાજબી મધ્યસ્થ ગુણ છે. કરકસરના ફાયદા એક કવિ નીચે મુજબ વર્ણવે છે.

"કરકસર એ પ્રમાણિકપણું, છુટાપણું, અને સુખની માતા છે, તથા અદાજો, ખુશાલી, અને આરોગ્યતાની બ્હેન છે. ઉડાઉપણુ એક ઘાતકી અને લુચ્ચો દેવ છે, જે પોતાના શિષ્યોને તાબેદારી અને કરજમા લાવી નાખે છે."

મડળીમા જે દુઃખો દેખાવ દે છે, તે દુઃખો આ મધ્યસ્થ ગુણ મૂકીને આપણે આમ કે તેમ ખસીએ તેને લીધે છે. મોજ મઝા અને ઉડાઉ પણાની ટેવથી નામરદાઇ આળસ અને કરજ,

ઉત્પન્ન થાય છે, અને પૈસાની ભૂખ કુચાલના પ્રમાણમા હોય છે. પ્રખ્યાત ગોલ્ડસ્મિથ કહે છે કે "આ બે દુર્ગુણો દેખીતા એક બીજાથી વિરૂદ્ધ છે, તોપણ તેઓ વારંવાર એક એકને જન્મ આપે છે, તેટલા માટે ઉડાઉપણુ અને કંજુસાઇથી મુક્ત રહેવાને માટે માણુસ જાતે કરકસરની અવશ્ય ટેવ પાડવી જોઇએ.

પ્રાચીન રોમનો પ્રખ્યાત સીસરો જે એક મ્હોટો વક્તા હતો, તે બહુ કરકસરીઓ હતો. કેટલાએક ઉત્તમ સદ્ગુણો સાથે તે કરકસરનું સગપણ કાઢતા કહે છે કે—

" કરકસર દીર્ઘદષ્ટિની દીકરી, મિતવ્યયની બ્હેન અને સ્વતત્રતાની માતા છે. '

અસલના રોમન લોકો કરકસરને મ્હોટા સદ્ગુણુ તરીકે માનતા. હાલમા કરકસર વિષે ઘણાને બહુ સારો વિચાર ન હોય એવું જણાય છે, અથવા તો એ સદ્ગુણે બહુ ધ્યાન ખેંચ્યું હોય એવું લાગતું નથી.

આપણા દેશમાં મુસલમાનો આવ્યા તેમને લીધે કપડાં લત્તાંનો અને ખાનપાનનો શોખ આપણમાં શરૂ થયો, અને કરકસરના આપણા કેટલાએક સ્વચ્છ અને સાદા નિયમો જેનો વ્હેમના નામથી ધિક્કાર થાય છે તે લોકો ભૂ-લી જવા લાગ્યા. પછી યુરોપની પ્રજાઓ એક પછી એક નવા રંગ રાગ લાવી અને નવો શોખ વધ્યો. વિચારો બદલાયા, ભાષા સુધરી, પહેરવેષમા ફેરફાર થયો. તેમા કેટલો લાભ થયો છે તે જાહેર છે. કરકસરના ઉમદા નિયમોનો આમા ઘાણ વળ્યો છે આમ ચાલવાથી કરકસર સચવાતી નથી અને એકને બદલે ચાર બેસે તોપણ ફેશન કરવી એમ થયું છે. કરકસર એ દ્રવ્યની જનેતા છે ગણિતને કોઇ ગણતું નથી.

આમાના સઘળા શોખીનોને ગણિતના સાદા નિયમોનું જ્ઞાન નહિ હોય એમ નહિ, પણ તે લોકો એ નિયમોને તુચ્છ ગણે છે, અને કેટલાકો છેક અવિચારી અને અજ્ઞાન હોય છે.

તેઓ સારાસારનો વિચાર કરી શકતા નથી અને ફાયદા ગેરફાયદાનો મુકાબલો કરતાં તેઓને આવડતું નથી. એવા લોકો સિડની સ્મિથના ફ્રાન્સના બુલોન શહેરના લોકોની સાથે સરખાવી શકાય. સિડની સ્મિથ કહે છે કે—

"જગતમા ગણિત વિના કેવો કમકમાટ ભરેલો દેખાવ થઇ પડે છે. કરજનું શહેર બુલોન છે, ત્યા જાઓ અને જુવો કે કેવા અંકગણિત નહિ સમજે એવા લોકોથી તે વસાયલું છે." આવા લોકો કરકસરમા શું સમજે?

સ્વીડનનો રાજા ૧૨ મો ચાર્લ્સ કહેતો કે, "અંકગણિત જાણે નહિ, તેને અડધો માણસ જાણવો."

રોમન લોકો કરકસરને હલકી ગણવાને બદલે તેને પ્રમાણિકપણુ કહેતા આ બે સદ્ગુણો જે માણસમા હોય તેને તેઓ "Vir Fragis કહેતા. આ શબ્દનો અર્થ ગંભીર, નિયમિત, પ્રમાણિક, અને દ્રવ્યવાન માણસ થાય છે.

એક સુપડિત કરકસરના આ પ્રમાણે ગુણુ ગાય છે.

"કરકસર મ્હોટો સદ્‌ગુણ છે, એટલુજ નહિ પણ બીજા સદ્‌ગુણોને પેદા કરનાર છે. કરકસર માણસને કેટલાએક ગુનાહ અને દુખો ભોગવવાથી બચાવે છે.

"જે માણસ પોતાની પેદાશ કરતાવધારે ખર્ચ કરે છે, તે જરૂર દોગો, નીચ, બેઇમાની અને ધિક્કારવા જોગ હોય છે.

કરકસરીયા સુખી હોય છે અને ઉડાઉ માણુસ કરજમા ડુબેલો હોય છે, અને તેને સુખે રોટલો મળવો પણ કઠણુ પડે છે.

આપણા આર્ય નીતિના ગ્રથોમા પણ કરકસર અને કૃપણુના વચ્ચે કેટલો અતર છે, તે પાને પાને બતાવ્યું છે. એક નીતિગ્રથમાં કરકસર અને કૃપણુતાનો ભેદ નીચે પ્રમાણે બતાવ્યો છે.

ઉદાર અને કૃપણુમાં ઘણો અંતર છે. તેઓ

એક એકથી ચઢે છે. ઉદાર પહેલાં ધન આપી દઇને પ્રાણ અર્પણ કરે છે, અને કૃપણ એ પહેલાં પ્રાણ આપીને પછી ધન આપે છે. "

એક બીજો અનુભવી લખનાર કૃપણતા અને કરકસરને આવી રીતે જુદી પાડે છે.

" લોભ અને કરકસર એ બે જુદાજ ગુણ છે. લોભીઆ માણસ ખરાબ કહેવાય છે, અને કરકસરીઆ માણસ સારા કહેવાય છે આપણી દુનિયામા લોભીઆ અને લાલચુ માણસ ઘણા મળે છે, પણ કરકસરીયા માણસ થોડાજ જોવામા આવે છે. " આ વચન વાસ્તવિક છે.

ખ્રીસ્તિ લોકોના ધર્મ પુસ્તક બાઇબલમા સેકડો જગ્યાએ કરકસરની પ્રસંશા કરી છે. લોભમાં અને કરકસરમા બહુ ફેર છે. તે તે ધર્મ પુસ્તકમા ખુલ્લે ખુલ્લું બતાવી આપ્યુ છે. એક વખતે ઇસુખ્રિસ્તે પોતાના શિષ્યોને ખાવા બેસાડ્યા. ઇસુએ પોતે પોતાના શિષ્યોને રોટલી વ-

હેંચી આપી અને શિષ્યોએ બીજાને તે વહેંચી આપી, એજ પ્રમાણે માછલીનું પણ કર્યું જ્યારે સઘળા ખાઇ પીને તૃપ્ત થયા, ત્યારે ઇસુએ શિષ્યોને ફરમાવ્યું કે જે કટકાકોર બાકી રહ્યા છે, તે એકઠા કરો કેમકે તે કાંઈ નકામુ જાય નહિ."

આ કરકસરનો કેવો ઉત્તમ બોધ! ખ્રીસ્તિ પ્રજાને ઇસુએ વ્યાવહારિક ઉપયોગનું આ મ્હોટું ફરમાન આપ્યુ છે. એજ ધર્મપુસ્તકમા એક બીજી જગ્યાએ કહે છે કે "જે ન્હાની વસ્તુને ધિક્કારે છે, તે થોડુ થોડે નાશ પામે છે."

૧૬ મા સૈકામા ચીનના એક પાદશાહે એક અસાધારણ ખુશાલીના પ્રસંગે પોતાની પ્રજાને રોશની કરવાની ના પાડી. તેનો વિચાર પોતાની પ્રજાને નિરૂપયોગી ખર્ચ કરતી અટકાવવાનો હોય કે પ્રજા ખુશાલીને કઇ બીજા વધારે ટકાઉ અને લોકને વધારે ફાયદાકારક રૂપમાં મૂકવાની હોય.

આ સ્વર્ગીય અધિરાજના પાદશાહે પોતાની પ્રજાનું હિત ચાહીને આ પ્રમાણે નકામા ખર્ચનો અટકાવ કર્યો. આપણામા જાહેર ખુશાલીમાં તો શું પણ નાતવરા અને વરઘોડા વગેરેમાં જે નાણા ખર્ચ થાય છે, તેનો અટકાવ થાય તો કેવું સારૂં ?

કરકસર કરનારાઓ પૈસાનો ખરો ઉપયોગ સમજે છે તેઓ કંજુસની પેઠે પૈસો સંઘરવો એટલુંજ જ્ઞાન માત્ર ધરાવતા નથી પરંતુ તેઓનો પૈસો તેમને પોતાને તેમજ મંડળીને લાભકારક થતો નથી. ગરીબ અપંગ માણસોને તેની જરૂર જણાય તો તેઓ તેને ખુશીથી તેની તંગી પૂરી પાડવાને સંચેલા દ્રવ્યમાથી મદદરૂપે આપતા નથી. એ તેની ખરી ઉદારતા દાનમા સમજવી, અને એ ઉદારતા તે તેની કરકસરને લીધે ઉત્પન્ન થઈ છે. કોઇ કોઈની ઉદારતા વળી વિચિત્ર હોય છે. ડાકતર ગોલ્ડસ્મિથ એક લિસિપસનો દાખલો આપે છે. તે ઉપરથી આ ખોટી ઉદારતા સમજાશે. લિસિ-

પસ એક એવો માણુસ હતો કે, જેના મનની મ્હોટાઈથી સમસ્ત દુનિયાં સાનંદાશ્ચાર્ય પામે છે. તેની ઉદારતા એવી છે કે, તેની પાસે કોઇને માગવું પડતું નથી અને તેને કરગરીને માગવાને ગભરાટ થતો નથી. તેની ઉદારતાથી લેનારને બહુ હર્ષ થતો તેનુ કારણુ તે મ્હોટું દાન કરતો તે નહિ, પણુ ગમે એવુ મ્હોટું દાન આપતી વેળાએ અને આપી રહ્યા પછી તે કાંઇ ડોળ કરતો નહિ કે બડાઇ મારતો નહિ. કોઇ કોઇ વખત તો તે કેવળ અજાણ્યા માણુસોને બક્ષીસ આપતો. તેના દુશ્મનોનું પણુ કોઇ કોઇવેળા કામ કાઢી આપતો. આખી દુનિયા એક્કે અવાજે એવી ઉદાર વૃત્તિની સ્તુતિ ગાય છે, પણુ માત્ર એક જાતના લોકોજ છે કે જે તેની ચાલ વિષે ફ-રીઆદ કરે છે. તેઓ કહે છે કે–" લિસિપસ કરજદારોને કાઈજ આપતો નહિ. આ કેવી ગેરવાજબી ઉદારતા ! ! !

વ્યાજે લઇને ઉછીતુ આપે તેની ઉપર

લાકો હસે છે, પણ આનો વ્યાજે લાવીને બક્ષિસ આપવું એ તો કેવળ ઉલટો નિયમ! આવી ઉદારતા લાંબો વખત ટકે નહિ.

ઉદારપણું રાખવામા મ્હોટાઇ રહેલી છે. ઉદારતા એ ઇશ્વરી અંશ છે, અને એ નીચ-પણાથી મુક્ત છે. ખરી ઉદારતા એ એક ફરજ છે, અને એ ફરજ એ સ્વાભાવિક કાયદો છે ને એ ફરજ સ્વીકારવાને આપણને ફરમાવે છે ઉદારતા એ બુદ્ધિએ આપેલો નિયમ છે, પણ એ ઉદારતા દરવખતે બતાવવાની નથી દયાની દરેક સ્ફુરણાને તાબે થવામાં અને તરત વેળા દાન કરી દઇને અને આપણી સ્થિતિને અશક્તિવાળી કરવામા અને એથી ભવિષ્યમા દાન કરવાને અ-શક્તિવાળા થવામા ઉદારતા સમાયેલી નથી.

કન્જુસ લોકો ઘણુ કરીને માન આબરૂ અને દયાહીણ કહેવાય છે. તેઓ ફક્ત દ્રવ્યનો સંગ્રહ કરવાનેજ જીવે છે અને સંગ્રહ કરવાના લોભમા દરેક સુખનો ભોગ આપે છે. તેઓ ગાંડા

માણુસ જેવા કહેવાય છે. સમૃદ્ધિ છતાં તેઓ દરેક વૈભવને દૂર કરે છે, અને કલ્પિત તંગીથી ખરી જરૂરીઆત બંતાવે છે. હજારો ને લાખો રૂપીઆ જમીનમાં દાટી મૂકે છે, પણ સારા કામમા રાતી બદામ પણ ખરચવાની હિંમત કે હોશ ધરાવતા નથી. આવી રીતે ભોયમાજ પૈસો દાગી રાખવાથી જો શ્રીમાન થવાતું હોય તો એક સંસ્કૃત કવિ કહે છે કે—

" દ્રવ્ય ન વાપરતા જમીનમા દાટી રાખવાથીજ જો શ્રીમત થવાતુ હોય તો અમે પણ શ્રીમંત છીએ, કારણ કે સુવર્ણનો મેરૂ પૃથ્વીપરજ છે, "

આ દોષ ઉદ્યોગી માણસને માથે મૂકવા જેવા નથી. જે માણસો કરકસર અને મહેનતથી પોતાના બરોબરીઆમાથી ચઢીયાતા થાય છે, અને તેઓના ઉદ્યોગમા વસ્તીના સામાન્ય લોકોને ભાગ લેવા દે છે, તેથી તેઓ પણ સુખી થાય છે.

કરકસરીયા માણસો મડળીના શુભેચ્છક છે. ફ્રાન્સ દેશનો રિમ્સ શહેરનો ગોડીનોટ નામનો એક ધર્મબોધક બહુજ કજુસાઇ કરતો હતો. ખરેખરા કંગાલ લોકોને પણ તે ભાગ્યેજ આપતો નહિ પોતાની દ્રાક્ષની વાડીની સારી પેઠે ખેડ કરવાથી તેને પુષ્કળ કમાઇ મળતી. તેના ગામના વતની તેને ધિક્કારતા. લોકો કજુસોને ચાહતા નથી. લોકો ગોડનોટ જયા જતો ત્યાં તેની પાછળ જતા અને ટોળે મળીને સાથે તાળીઓ પાડતા હતા, એમ છતા તે ડગ્યો નહિ અને પોતાની કજુસાઇની ટેવ છોડી નહિ. એ જાતે પાદરી અને ભલો હતો. ગામના લોકોની ખરી તંગી શી છે તે તે લાંબા વખતથી જોતો આવતો હતો. તે શહેરના ગરીબ લોકને પાણીની એટલી બધી તંગી હતી કે, મ્હોટી કિમત ખર્ચતા પણ જોઇએ એટલુ પાણી મળે નહિ. તે સારી પેઠે સમજતો હતો કે, "માણસને ગરજની વખતે આપેલી બક્ષિસ પ્રભુની કિતાબમા બેવડી લખાય છે."

આ કારણુસર ગોડીનોટે પોતાના સઘળા પૈસાવડે એક જળાશય બંધાવ્યું. આથી ગરીબ લોકોની તેણે કાયમની અને વધારે ઉપયોગી સેવા બજાવી. તે રોજ ગરીઓને પૈસા આપી દેત તો ગરીબ માણસો ગરીબજ રહેત અને સમસ્ત પ્રજાને નિરંતરનો આવો મ્હોટો લાભ થાત નહિ.

ઘણા માણસો જેને અવિચારથી "સુમ"નું ધિક્કારવા લાયક નામ આપે છે, તેઓએ પણ ઘણીવાર લોકોને ફાયદા કીધા છે તેઓએ ખરી કરકસર કરીને પૈસો પેદા કર્યો હોય, તે તેઓ એકાએક ખરચતા નથી, અને લોકોની અધીરાઇ તેવી કરકસરને ભુલાવા ખવરાવી કંજુસાઈ કે કૃપણતા તરીકે ગણાવે છે.

આવા લોકો મુસાફરીને માટે ધર્મશાળા બંધાવે છે, અને તાપથી તપેલા જે તરસથી આકુળ વ્યાકુળ થયેલા વટેમાર્ગુને માટે કુવા વાવ

અને તળાવ ખોદાવે છે, તથા બીજાં પણ લોકોપયોગી કામકાજ કરે છે કે જેથી ગરીબોની આતરડી આશિર્વાદ આપે છે.

અવિચારી લોકો જે ખોટાં નામ એવા લોકોને આપે છે, તેનો તેઓને ખરો બદલો મળે છે, અને તેમનું નામ સદાય કાયમ રહે છે. કૃપણુતા તેજ કે જેનો પૈસો કોઇને કાંઇ પણ કામ લાગતો નથી, તે છતા કૃપણ લોકો દુનિયાને નુકશાન કારક નથી. ઉપલા ધર્મિષ્ટ લોકોની ઉદારતા તે સગીન ઉદારતા છે. આપણને મળે તે નિર્ધનને આપી દઇને આપણે પોતે નિર્ધન અવસ્થામા આવી પડવુ, એ ઉદારતા નહિ પણ ઉડાઉપણુંજ સમજવું.

એક માણુસ જે રોગી દુઃખ મટાડવામા પોતાના પૈસા વાપરતો તેને એક અસલી વિદ્વાને ઘણી ઉત્તમ શિખામણ આપી હતી. તેણે કહ્યુ કે "એ સભવિત છે કે, જે માણુસની તંગી તમે

પૂરી પાડા તે પ્રમાણિક માણસ હોય, અને હુ જાણું છુ કે, તમે જે આપો છો તે પ્રમાણિક પણેજ આપો છો જે માણસ કદાચ શઠ હોય તેને દાન કરવાથી તમે જે માણસને તે દાન ઘટે છે તેને લુટી લ્યો છો અને જેને ઘટે નહિ તેને બક્ષિસ આપવામા તમે અન્યાય કરો છો. તે અન્યાય બમણો થાય છે, તેનું કારણ એ કે તમે પોતે તે વિનાના એટલે દ્રવ્યહીણ થઇ બેસો છો.

આ બોધ બહુજ ઉપયોગી છે. આપણા હિન્દુસ્તાનમા હજારો ભિખારી છે અને તેમાનો મ્હોટો ભાગ ઢોગી હોય છે. કેટલાકો રૂષ્ટ પુષ્ટ છતા હાડકાના હરામ હોવાથી માગવાનો ધંધો લેઈ બેસે છે. એવા માણસોની પરીક્ષા લીધા સિવાય લોકો તેને ભિક્ષા આપે છે. એમા તેમને પાપ કે પુણ્ય કાઇજ થતું નથી. "ગદ્ધાને ખાયા ખેત, નહિ પાપ નહિ પુણ્ય" એ તો રહ્યું પણ તેઓને હાથે આ પ્રમાણે વગર વિચારે દાન થવાથી લોકોને અન્યાય થાય છે. એથી દેશમાં

આળસ વધે છે, અને ઉદ્યોગ બંધ પડે છે. ઉદ્યોગ બંધ પડવાથી વેપાર રોજગારને હાનિ પહોચે છે, અને તેનું આદિ કારણ આવા અવિચારી દાન કરનાર કહેવાય છે.

વગર વિચારે દાન કરવાના કરતાં પોતાના પૈસાને કોઇ બીજા માર્ગે રોકીને એકાદ નવો હુન્નર કે ઉદ્યોગ શરૂ કીધો હોય અને તેમા ગરીબ લોકોને કામે વળગાડ્યા હોય તો તેથી ઘણોજ ફાયદો થાય છે. સુધરેલા લોકો આપણી પેઠે પૈસો વાપરતા નથી પણ તેઓ તો પોતાનો પૈસો યુક્તિ બંધ ખર્ચે છે. તેઓ ગરીબ લોકોની સ્થિતિ સુધારવાને બહુ લક્ષ આપે છે, તે એટલે સુધી કે, કારખાનાને લગતી ફુરસદની વેળાએ કેળવણી લેવા સારૂં નિશાળો સ્થાપે છે. ઇશ્વરનું ભજન કરવાને માટે દેવાલય બંધાવે છે. એજ ખરી ઉદારતા કહેવાય અને એવીજ ઉદારતા કામની છે. એજ ઉદારતા ગરીબોનું દરિદ્ર દૂર કરનારૂં રામ-

બાણુ ઔષધ છે. એજ ઉદારતાનુ કલ્પવૃક્ષ છે, અને તેના સ્વાદિષ્ટ ફળો પ્રજાને લાભ કરે છે.

ખરા વિચારશીલ લોકો નકામી ઉદારતા બતાવતા નથી. તેઓ સમજીને દાન કરે છે. કદાચ અજાણતા નાલાયક ભીખારીને તેઓથી કાંઇ અપાઇ જાય તો તેનો તેઓ પશ્ચાતાપ કરે છે. ખારતુનનો પહેલવાન ચીનાઇ ગોરડનને તે "સાઉડન" આવતો હતો ત્યારે ઈંગ્લાડના બદરમા એક ભીખારી મળ્યો. ભીખારીએ કરગરીને પોતાની ટોપી ઉતારીને કાંઇક ભિક્ષા માગી. શૂરવીર ગોરડન બહુ દયાળુ હતો. તરત ગજવામાથી કાઢીને પેલા ભીખારીને એક સોનાનો સિકકો આપ્યો. તે લઈને પેલો ભીખારી ચાલતો થયો. પાછળથી ગોર્ડન પાશાને માલમ પડ્યું કે, તે ભીખારી તો લુચ્ચો માણસ હતો. ઢોગ કરીને ભિક્ષા માગવાને માટે આવ્યો હતો. આથી ગોર્ડનને ઘણોજ ખેદ થયો. એકદમ તે પેલા ઢોગી માણસની શોધમા ગયો શોધતા શોધતા તે તેના હાથમા આવ્યો. ત્યા

તેની ખાત્રી થઈ કે તે ભીખારી તો ખરો ઢોગી છે. ગોરડનને રીસ ચઢવાથી પોતાના નિર્મળ સિપાઇ બચ્ચાના સ્વભાવ પ્રમાણે તે ઢોગીને ખૂબ મેથીપાક જમાડીને પોતાનો કિમતી સિકકો પાછો પડાવી લીધો અને અવિચારી દાનથી થતા અન્યાયથી પોતે મુક્ત થયો.

કુદરતનુ એવુ નિર્માણ છે કે, દરેક માણસે પોતાને જે ચીજ જોઇએ તેને વાસ્તે પોતાના ઉપરજ વિશ્વાસ રાખવો ખરા પરસેવાથી એટલે પોતાની મહેનતથી પેદા કરેલી રોટલીની મીઠાશ ઓર છે. “ આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ ” પોતાના ખપની વસ્તુઓને મેળવવા કાજે પોતે જાતે મહેનત કરવી જોઇએ એક લખનાર કહે છે કે–“ મહેનત કરો અને તમારી રોટલી તમે પેદા કરો અને જુઓ કે તે કેવી મીઠી લાગે છે ? ”

મહેનત કરો અને જુઓ કે તમે કેવા ખુશી રહો છો ?

મહેનત કરો અને જુઓ કે તમારૂં કુટુંબ કેવું સુખી થાય છે ?

મહેનત કરો અને જુઓ કે, તમે કેવા નિરોગી થાઓ છો ?"

વળી એક કહેવત છે કે,

"મહેનતનુ મૂળ ઘણુ કડવું છે, પણ તેનું ફળ ઘણું મીઠું છે."

એમ છતા ઇશ્વરે સઘળા માણસોને સરખી મનની કે તનની શક્તિ આપી નથી. કેટલાકો એવા છે કે, તેઓથી મનની કે તનની મહેનત થઇ શકતી નથી. એનુ કારણ એ કે તેઓનું મન મહેનત કરવાને નાલાયક હોય છે, અને તન પણ નિર્બળ હોય છે. ઘણુ કરીને એવો નિયમ હોય છે કે, મન સારૂં હોય તો તન સારૂ અને તન સારૂ હોય તો મન સારૂ. જેઓને ઇશ્વરે આ બન્ને સુખ વગરના રાખ્યાં હોય, તેને અવશ્ય મદદ કરવી જોઇએ છીએ.

જો પૈસા સંબંધી મદદ ન થઇ શકે તો બીજાંનું ભલુ ઇચ્છવામા પણ ઉદાર બુદ્ધિ રાખવી જોઇએ. એક બીજાનુ ભલુ ઇચ્છવાથી આપણને આપણા જાતી ભાઇઓના કામકાજ તરફ માયાળુપણાથી જોવાની ટેવ પડે છે. ખરી ઉદાર બુદ્ધિથી આપણે બીજાઓને ઉદારતાની બૂઝ જાણતા શીખવીએ છીએ. આમ થવાથી આખી સંસારી મડળીમા શુભેચ્છક વૃત્તિ પ્રવર્તે છે. જેથી મનુષ્યના એકદર સુખમા વધારો થાય છે. એથી ઉલટી રીતે માણસો એકબીજાનું ભલુ ઇચ્છે નહિ તો તેઓમા જ્યા ત્યા અસંતોષ પેદા થાય છે, અને કોઇ સુખી થતુ નથી કેટલાક મહાન પુરૂષોના ખરી કીર્તિ તેઓની ઉદારતા અથવા માણસના મ્હોટા ભાગનું ભલુ કરવાની તેઓની ઇચ્છાને લીધે છે. રોમના એક પાદશાહ ટાઇટસને પોતાની પ્રજાનું ભલુ કરવા સિવાય બીજો કંઇ લોભ નહોતો એવું કહેવાય છે એક દિવસે પોતે કચેરી ભરીને બેઠો હતો, ત્યા તેને યાદ આવ્યું

મારાથી આજે મારી પ્રજાનું કાંઈ ભલુ થયુ નથી, અને કોઇ અમુક શખ્સના ઉપર પણ મેં મહેરબાની કરી નથી. એ વિચાર ઉપરથી પોતે ખિન્ન થઇને પોતાના સામનોને કહ્યું કે, ' મારા મિત્રો ! આજનો દિવસ મારો નકામો ગયો" ! જે રાજ્યકર્તાઓ આવુ સમજે તેમની પ્રજા કેવી સુખી સમજવી ?

આગળ આપણે કહ્યુ છે કે-ઉદાર વૃત્તિ રાખવાથી સંસારી મંડળના ઉપર સારી અસર થાય છે એટલુજ નહિ પણ ઉદાર માણસના પાળેલા પ્રાણીઓમા તેની કેવી અસર થાય છે તેનો એક દાખલો ઉમદા પ્રાણી-ઘોડા સંબધી છે.

પોલાંડનો શૂરવીર કોસ્યસ્કો ઘણો પરોપકારી અને ઉદાર હતો પોતાના એક પાદરી મિત્રને એક વખતે તેણે ઉચી જાતના દ્રાક્ષના દારૂની કેટલીએક બાટલી મોકલવાની ઇચ્છા કરી પોતાના ચાકર લાલચમા પડે નહિ, તેથી તે દારૂ તેણે

ચાકરની મારફતે ન મોકલતા એક “ ઝેટનર ” નામના બીજા જુવાન માણસને તે કામ સોપ્યુ. “ઝેટનર” ને તે દારૂની બાટલીઓ અને તેની સાથે પોને જે ઘોડે બેસતો તે ઘોડા બેસવા આપ્યો. “ ઝેટનર ” તે દારૂ પાદરીને પહોચાડી આવ્યો અને પોતાના માલીકને સલામ કરીને કહ્યું કે—ફરીથી એ તમારા ઘોડા ઉપર હુ સ્વારી કરનાર નથી, શૂરવીર સરદારે કહ્યું “કેમ ? ” તે જુવાન માણુસે જવાબ દીધો કે “ સાહેબ એમજ. કોઇપણુ માણુસ એ ઘોડા ઉપર ખાલી ખીસ્સે બેશી શકે નહિ હવે આપણે એ ઘોડા ઉપગ બેસાડીને કોઇને કયાય મોકલવો હોય તો તેની સાથે નાણુાની ભરેલી એક થેલી પણ સાથે સાથે આપજો. ”

શૂરવીરે આ બોલવાનો ખરો ખુલાસો કરવાને “ ઝેટનર ” ને કહ્યુ જે ઉપરથી “ ઝેટનરે ” કહ્યું કે, “ રસ્તામા કોઇ ગરીબ માણુસ પોતાની ટોપી ઉતારીને કાઈ ધર્મદાન માગે કે એ ઘોડો

તરતજ અટકી પડે અને માણસને કાંઇ પણ આપવામાં આવે ત્યાં સુધી તે ખસે નહિ એવી એની ટેવ છે. મારી પાસે સાહેબ કાંઇ પૈસા નહિ હોવાથી આપના ઉમદા ઘોડાનું મન મનાવવા વાસ્તે મારે હાથ લાંબો કરીને ઢોંગ કરવો પડતો કે હું કાંઈક આપું છું.

આ દુનિયામાં ઘણાક દુઃખ છે કે તેમાંથી ગમે તેવો કાળજી રાખનારો હુંશિયાર માણસ પણ બચી શકે નહિ. મનુષ્ય માત્રને માંદા થવાની અથવા તેના ઉપર બીજી કોઇ ઇજા આવવાનો ભય રહે છે. માણસની સારી યુક્તિઓ નિષ્ફળ જાય છે અને ઉમદા ધારણાઓ ઘણીવાર ફળીભૂત થતી નથી. માણસ દરિદ્રતા અને તગીમા આવા પડે છે. અને તેનો કાઇજ ઉપાય રહેતો નથી કોઇને માથે આવા દુઃખો આવી પડ તો બની શકે તો તેની તગી મટાડવાની અને નહિ તો તેને હિંમત આપવાની અને બીજી કાઇક બનતી મદદ

કરવાની બીજાઓની ફરજ છે. એ ફરજ બજાવવી તે પણ ખરી ઉ ારતા કહેવાય છે.

ખ્રીસ્તિ ધ ાશાસ્ત્રમાં ફરમાવેલુ છે કે માણુસોએ એક બી નને ચહાતા શીખવુ જે દુઃખી છે તેની ઉપર તેના મિત્રાએ દયા લાવવી જોઇએ, એટલે કે તેના દુ ખ મટાડવા જોઇએ. જે માણુસો ગરીબની દાદ સાંભળે છે, તેજ સુખી છે તેને પ્રભુ આફતમાથી મુક્ત કરે છે.

પ્રખ્યાત વર્ડ સ્વર્થ કવિ કહે ે કે "માણુસ માણસને વહાલુ છે ગરીબમા ગરીબ માણસો પણ પોતાની કટાળો આપતી જીન્દગીમા કેટલીએક એવી ક્ષણોની ઉમેદ રાખે છે કે—જેમા તેઓ એમ જાણે અને તેઓના મનમા એમ થાય કે આપણે પોતે કેટલાક ન્હાના ન્હાના સુખના ઉત્પન્ન કરનાર અને આપનાર થયા છીએ. જેઓને મ્હેરની જરૂર છે તેઓની સાથે આપણે માયાળુ થયા છીએ ટુકામા આ દુનિયામા આપણે કંઇક સાર્થક કર્યું છે. આપણી જીન્દગી છેક

નઠામી જેવી નથી. આનું કારણ એજ કે આ-પણું સઘળાનું એટલે માણસ જાતનું અંતઃકરણ તે એકજ છે" એજ કવિ એક સ્ત્રી વિષે આવું દષ્ટાંત આપે છે.

"પોતાન તંગી પડવા છતા તે પોતાના ખા-વામાંથી બારણે આવેલા ઘરડા ભીખારીને દર અઠવાડીએ નિયમસર છુટે હાથે કંઇને કંઈ ખાવાનુ આપે છે, અને પોતાના બારણામાથી આનદી અંતઃકરણે પાછા ફરીને સગડી પાસે બેસીને પોતાની સર્વ આશા સ્વર્ગ સાથે બાધે છે. તે સ્ત્રીનું ને સર્વ મનુષ્યનું અત.કરણ તો એકને એકજ છે, પણ એવુ કોણ સમજે છે?"

જો કે કરકસર તો જગતમા સુધારાની સા-થેજ દાખલ થઇ છે, તોપણ ઉદારતાના અકુર તો મનુષ્યની ઉત્પત્તિની સાથેજ ઉત્પન્ન થયા છે, કારણ કે એક બીજા પ્રત્યે માયાળુ થવાની અને એક બીજાને સ્હાય થવાની જરૂરને લીધેજ મ-નુષ્યો એક લોહીમાથી જન્મે છે અથવા તો મહા

પ્રભુ આપણો સર્વનો પિતા છે અને આપણે સર્વ ભાઇઓ છીએ, એ સમજણથીજ એક બીજાને મદદ કરવાની જરૂર છે.

આગળ કહ્યું છે કે તમામ માણસો સરખા બળ કળ કે તન મનના હોતા નથી. કેટલાએક સુખી હોય છે, કેટલાએક દુ:ખી હોય છે, કેટલાંએકને આપણે ભાગ્યશાળી કહીએ છીએ અને કેટલાએકને આપણે ભાગ્યહીણ કહીએ છીએ. કેટલાએક અક્કલવાન હોય છે અને કટલાંએક કમ અક્કલના હોય છે. કેટલાએક શરીરે સુખી હોવાથી મહેનત કરી શકે છે, અને કેટલાએક અપંગ હોવાથી કે કાઇક રોગી હોવાથી મહેનત કરી શકતા નથી કે રળી શકતાં નથી. પહેલા સર્વના સાધનો એવાં તો હોય છે કે તે બીજાંઓને દુ:ખમાથી મુક્ત કરવાની મદદ કરવી એ તેઓને યોગ્યજ લાગે છે. આપણા જાતિ ભાઇઓના દુ:ખમાં ઘટાડો કરવાની આપણામાં શક્તિ હોય તો તેથી આપણને આનંદ થા યછે અને થવો

જ જોઈએ. જેમ સાધારણ માણસો સુખી દુઃખી હોય છે, તેમ પ્રજાઓની સ્થિતિ પણ એક સરખી હોતી નથી કેટલીએક પ્રજાઓ સુધરેલી હોવાથી સુધારાના રૂડા ફળ ચાખે છે, અને કેટલીક પ્રજા જંગલી અવસ્થામા ડુબેલી હોવાથી તેઓની સ્થિતિ અને રીતભાત હસી કાઢવા સરખી અને કાંઇક દયા કરવા જેવી હોય છે. પ્રત્યેક મનુષ્ય તરીકે અને પ્રજા તરીકે આપણી ફરજ છે કે એક બીજાને ઉપયોગી થવુ બળવાને બળહીનને મદદ કરવી જોઇએ. સુજ્ઞજને અજ્ઞાનને બોધ દઈ ને સુધારવો જોઇએ અને ઉદારતા બતાવવી જોઇએ. દ્રવ્યવાને ગરીબને મદદ કરીને ઉદારતા દાખવવી જોઇએ અને સુધરેલાએ નહિ સુધરેલાને સુધારાના સુખમા દાખલ કરવા એ પણ ઉદારતાજ છે

આ સઘળી બાબતોમા આપણે દીર્ઘ દૃષ્ટિ રાખવી જોઇએ. નહિ તો તે ખરી ઉદારતા કહેવાયજ નહિ. આપણી ઉદારતાથી જેને આપણે

આપીએ તેનામા આળસ આવે અને દુર્ગુણ ઉ-ત્પન્ન થાય તો તે ઉદારતા ન કહેવાય. ઉડાઉપ-ણાથી પણ તે ખરાબ કહેવાય છે. એથી વધારે સારૂ એ કહેવાય કે, કઇ આપવુજ નહિ. આપણી બક્ષિસથી કાંઇ ખરૂ દુખ મટે છે કે નહિ અને તેથી ગરીબનુ ભલુ થાય છે કે નહિ અને કાંઇ ઇજા થતી નથી, તેનો ખૂબ વિચાર કરવો. ઘણુ-કરીને સર્વોત્તમ રસ્તો તો એજ છે કે તંગીવાળા માણસને એવી રીતે મદદ કરવી કે, તે પોતે પોતાને મદદ કરવાને શક્તિમાન થાય. વળી બીજી સંભાળ એ લેવાની છે કે, જે આપણે આપીએ છીએ તે આપણાથી આપી શકાય એમ છે કે નહિ અને તે આપવાથી બીજો એક જેને આપણે આપવુ જોઇએ તેને આપતાં આપણે અટકીએ છીએ કે નહિ ?

આપણું કરજ ફેટાડવાને જે પૈસો આ-પણે કામે લગાડવો જોઇએ તે અથવા જે પૈસો આપણો પોતાનો નથી તે આપણે ગોલ્ડસ્મિથના

લીસીપ્સની પેઠે આપી દઈએ તો આપણે દાન કર્યું કહેવાય નહિ પણ તેથી ઉલટો આપણે માથે અન્યાયનો દોષ આવે. ઉદાર પુરૂષોએ કદીપણ આવા દોષમા આવવુ નહિ જોઇએ. દાન એવી રીતે કરવુ કે તે દાનનુ સારૂ ફળજ ઉત્પન્ન થયા વિના રહે નહિ. બાઇબલમા એક જગ્યાએ કહેલુ છે કે " તારા જાતભાઇઓમાનો કોઇ પણ નિર્ધન માણુસ તારા બારણા આગળ આવે તો, તુ તારૂં મન કઠણ કરતો નહિ. તેમજ તારા ગરીબ ભાઇઓને આપતા તારો હાથ ખેંચી લેતો પણ નહિ. તેને જેટલુ જોઇએ તેટલુ તારો હાથ ખુલ્લો રાખીને આપજે અને તેની ગરજ મટાડજે."

ઉદારતાના ઉત્તેજનને માટે તમામ ધર્મશાસ્ત્રોમાં સારાં ફરમાનો છે. દરેક માણસે ખરી ઉદારતા બતાવવી જોઈએ. આપણા લોકોની ઉદારતા હાલમા કનિષ્ટ પંક્તિએ ઉતરી ગઇ છે. જે લોકોને કાંઇક દાન કરવા તરફ ભાવ છે તે લોકો પોતાને આગણે ગમે તે માણુસ આવે તેને

મુઠી મળે આપે છે. ભીખારીને દાન આપવું યોગ્ય છે કે નહિ તે કાઇજ જોતા નથી.

કહેવત છે કે " કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય. " યોગ્ય કાળજી રાખી કમાઇમાંથી થોડુ થોડું બચાવવાની ટેવ પાડીએ તો આગળ જતા દ્રવ્યની સારી રકમ એ-કઠી થાય. કરકસરની ઉત્તમ ટેવ પૈસા સંબંધી આફ્ત આવવા દેતા નથા અને જો એવી આ-ફ્ત અણધારી આવી પડે તો તે વખતે કરકસર જવાબ દે છે. એક કુટુબની એક વૃદ્ધ સ્રી વિષે આવી વાત છે, પછી તે કલ્પિત હો કે ખરી.

આપણી અબળા જાતિનો ઘણો ભાગ આ-જસુધી કેળવાયેલો નહોતો, અને હજીએ ઘણુ ખરૂ એમજ છે, છતા પણ તેઓ ઘર ચલાવવામા કરકસર સારી પેઠે કરી શકે છે, પણ આ ઘરડી ડોસીને તો કરકસર કરવાની અસાધારણ કસોટી આવી ગઇ હતી. તેના મનમા ઠસી ગયુ હતું કે " વરા કરતા વધારે રાખવું નહિ, કેમકે વિપત્તી

રાધેલુ સઘળું વ્યર્થ જાય છે." તેથી તે પોતાના ઘરના બહોળા કુટુંબને માટે રાધવા સારૂ જે દાણો કાઢે તેમાથી મુઠી બે મુઠી ચોખા કે કાઇ બીજુ ધાન્ય કોઇ જાણે નહિ તેમ કાઢી લે. એમ એ ડોસી રોજને રોજ કરે ને કોઇને ખબર પડે નહિ. એ પ્રમાણે કાઢી લીધેલો દાણો એક ભોયરામા બે ત્રણ છુપી કોઠી હતી તેમા તે ડોસી નાખી આવતી. આમ ઘણા વર્ષની કરેલી કરકસર ખરે વખતે તેના કુટુબને ઉપયોગી થઇ પડી. થોડાં વર્ષ પછી વરસાદ બરોબર નહિ વરસવાથી દાણો પાકયો નહિ અને મોંઘવારી થઈ ગઇ. ગરીબ ગરબાંને ત્યા તો "અન્ન ને દાતને વેર પડ્યા." પણ આ ડોસીનુ કુટુબ તેની ઉપર કહેલી કરકસરથી સારી સ્થિતિમા ન હોવા છતાં દુષ્કાળની આફતમાથી બચી ગયુ.

કરકસર દરિદ્રતાને હણે છે અથવા તો જ્યાં કરકસર છે ત્યા દરિદ્રતા તેનું કાળું મ્હોં બતાવવા પણ પામતી નથી. દરિદ્રતાનું મૂળ આળસ

અને ઉડાઉપણું બે છે. જ્યા આળસ અને બળતામા ઘી હોમનાર અવિચારી ખર્ચ હોય ત્યા કેટલા દિવસ પૈસાનું સુખ ટકે ? એથી ઉલટું જ્યા મહેનત અને કરકસર હોય ત્યા પૈસાની તાણ રહેતી નથી. કરકસર દ્રવ્યને ઉત્પન્ન કરે છે. ખરૂ કહો તો કરકસરીયા માણસને ત્યા ઝાડના ફળરૂપે દ્રવ્ય આવે છે અને તે ઝાડને ઉછેરવામા અને ફળદ્રુપ કરવામા મહેનત રૂપી પાણી મદદ કરે છે. પ્રાચીન રોમના પ્રખ્યાત વક્તા સીસરોએ કહ્યુ છે કે, કુટુંબમા તેમજ રાજ્યમાં દોલતનુ સર્વોત્તમ મૂળ કરકસર છે. મહેનત રૂપી પાણી હોય પણ કરકસર રૂપી સીંચનાર અને સંભાળ લેનાર હોય નહિ તો દ્રવ્યદ્રુમ ઉધરવાજ પામતુ નથી.

કૉલ્ટન નામના એક વિદ્વાનનો મત છે કે, "ઉદ્યોગ મેળવે છે, અને સંભાળ સાચવે છે. સંભાળ સિવાય મહેનતથી એકલીથી કંઇ કામ

થતું નથી. તે એક હાથથી જે એકઠું કરે છે તે બીજે હાથે ફેંકી દે છે "

કરકસરથી ફાયદાજ છે એમ સર્વે કોઇ જાણે છે. કોઇ એમ કહેશે નહિ કે કરકસર નહિ કરવી જોઇએ કરકસર એનો સદ્દગુણ છે કે, જે અજમાવવાથી અને જેની ટેવ રાખવાથી કાંઇજ દુઃખ થતું નથી. એથી, ઉલટી રીતે આપણે આપણું મન વશ રાખતા શિખીએ છીએ, અને જરૂરીઆતની ચીજોનું ખરૂં સુખ આપણે ભોગવીએ છીએ. ઘણા પ્રમાણિક સુખ જેનો ઉડાઉપણું નાશ કરે છે તે સુખો કરકસર આપણને ભોગવવા દે છે. કોઇ પણ માણસથી કરકસર કરવાનું નહિ બની શકે એમ નથી. દર અઠવાડીઆની છેડે કે દર મહિનાને અંતે દરેક માણસ કાંઇ નહિ તો કાંઇક બચાવી શકે છે. દરેક મહિને પાંચ છ રૂપીઆની નાની રકમ બચાવી હોય તો વીસ વર્ષમા તે બધી વધીને બે ત્રણ હજાર રૂપીઆ જેટલી થાય છે. દરેક માણસે કરકસર કરવાને

માટે કાઇક શરૂઆત કરવી જોઇએ. કેટલાકો એમ કહે છે કે અમારાથી કાઇ બચાવી શકાતું નથી. એવાં માણુસોએ કરકસરની ટેવ પાડવી જોઇએ. દર મહિને એક રૂપિયો બચાવીને બેંકમા મૂક્યો હોય તો તે વીસ વર્ષની દરમ્યાનમા વધીને ચારસો રૂપીઆ થશે ને ત્રીશ વર્ષમા સાતસો રૂપીઆ થશે ફક્ત કરકસર કરવાની અને મન વશ રાખવાની ટેવ પાડવી જોઇએ. માત્ર એટલુજ કે મનસંયમ એટલે મન વશ રાખવું જોઇએ. એ દઢ મનના માણસથી બની શકે છે. મન વશ રાખ્યા સિવાય કરકસર થઇ શકતી નથી. ઉડાઉ માણુસ પોતાનુ મન મારી શકે નહિ. પોતાને ક્ષણભંગુર મઝા આપે એવી કાઇ પણ ચીજ પછી તે ગમે તે કિંમતની હોય, તો તે લેતા ઉડાઉ માણુસ અચકાય નહિ. ગમે તેવી કિંમતની લાબો વખત ઉપયોગમાં આવે એવી ચીજ ખરીદવી તે ઠીક નહિ. **સીસરો** કહે છે કે—" બહુ ખરીદ કરવાનું ઘેલાપણુ નહિ હોય તો એમ જાણવું કે તે

મૂડી ઘરમા હોવા બરાબર છે ”

પ્રસિદ્ધ વિદ્વાન લોર્ડ બેકનની શિખામણ છે કે—મન વશ રાખનાર અને પોતાની મહેનત ઉપર આધાર રાખનાર પોતાના નિર્મળ ઝરામાથી પાણી પીતા શીખે છે પોતાનો સ્વાદિષ્ટ રોટલો ખાય છે અને પોતાની આજીવિકા મેળવવાને ખરી મહેનત કરતા શીખે છે જાત મહેનતથી આજીવિકા કરનાર પોતાના સ્વાધીનની સારી ચીજોનો સંભાળથી બચાવ કરતા અને વાપરતા શીખે છે.

કરકસર કરવામા ભારે હિંમત ઊંચી બુદ્ધિ કે ઈશ્વરી મ્હોટા ગુણની જરૂર પડતી નથી. ફક્ત એમા સાધારણ બુદ્ધિ અને સ્વાર્થી મોજ મઝાનો અટકાવ કરવાની શક્તિ જોઈએ છીએ. અનુભવી સ્માઇલ્સ કહે છે કે—“કરકસર એ દરરોજ કામ કરતી સાધારણ બુદ્ધિ છે. તે કહે છે કે કરકસર કરવામા કાઇ મ્હોટા દૃઢ નિશ્ચયની જરૂર પડતી નથી. પણ તેમા માત્ર જરા ધીરજની સાથે મન વશ

ગાખવુ પડે છે કરકસર કરવાની કુંચી " પ્રારંભ" છે. જેમ જેમ વધારે કરકસરની ટેવ પાડીએ તેમ તેમ કરકસર કરવી સ્હેલી પડે છે. મન વશ રાખીને કરકસર કરનાર માણુસને ક્ષણિક મઝાનો ભોગ આપવો પડે છે, તેનો બદલો કરકસર જલદી વાળી આપે છે.

હમેશા માણુસોએ પોતાની પેદાશમાથી વિચારીને ખર્ચ કરવુ પેદા કરવી અવસ્થા એટલે યુવાવસ્થા અને પ્રૌઢાવસ્થામા જે પૈસો બચાવીએ તે વૃદ્ધાવસ્થામા ઘણોજ કામ આવે છે.

આપણા ગુજરાતી કવિ દલપતરામ કહેછે કે—

(દોહરા)

"જોગ્ય ખર્ચ કરવું ભલુ, ભલુ અધિક નહિ ભાઇ;
"ભોખણ ભરી લખવું ભલુ, નહિ રેડિ રૂશનાઇ.
"કરે જગતમા કરકસર, જુઓ જગતનો ઇશ,
"પ્રકાશ ત્રીશ ઘડી કરે, અંધારૂ ઘડિ ત્રીશ.
"ઇશ્વર પણ કરકસરનો, રાખે રૂડો વિવેક;
"ગ્રહો અનેક વચ્ચે રચ્યો, દિવો દિવાકર એક.

જેટલાની જરૂર હોય તેટલોજ ખર્ચ કરવો જોઇએ, તે કરતા વધારે ખર્ચ કરીએ તો આપણી કમાઇ ઉડી જાય, અને કરજવાન થઇ જઇએ. કરજ મહા ભયંકર શત્રુ છે. કરજથી જેમ બને તેમ દૂર રહેવુ. કરજ રાત્રાને વખતે છાતીપર ચઢી બેસતો રાક્ષસ છે કરજદારને ઉંઘ આવતી નથી. જેમ દરદી તનથી દુખી હોય છે તેમ કરજદાર-મનથી બહુ દુઃખી હોય છે. કરજથી કુટુબ નાશ પામે છે. કરજદાર માણસથી પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ થતું નથી.

તેની બધી કમાઈ કે કમાઇનો ભાગ વ્યાજ ભરવામા કે કરજ આપવામા જાય છે. મ્હોટી મિલ્કતવાળા લોકો અને મ્હોટા મ્હોટા જાગીરદારો પણ કરજના બોજાથી વારવાર દુઃખી થાય છે. કઇકના વતન વજીફા અને ગરાસો કરજ પતાવતા ડૂલી ગયા છે એ ખરૂ છે. પંચોપાખ્યાનમાં આવું એક સત્ય વચન છે કે—

" શત્રુ, રોગ તથા દેવું એ વધે નહિ;

એટલામાં જે તેને નથી મારી કાઢતો તે મ્હોટો બળવાન હોવા છતા પણ આખરે માર્યો જાય છે."

આવા કરજદાર લોકોનું કરજ તેઓએ પોતે કે તેઓના બાપદાદાઓએ કરેલા ઉડાઉ ખર્ચ ને લીધેજ હોય છે. એ લોકોનું કરજ પોતાની મિલ્કત ઉપર હોય છે, એટલે તે કરજ કદાચ ફીટે પણ ખરૂં અને મિલ્કત બચે પણ ખરી, પરંતુ જે અવિચારી લોકોને "કોડીની કમાઇ નથી અને ઘડીની ફુરસદ નથી." તેઓ બહારનો ભભકો રાખી દુનિયાની આખમા ધૂળ નાખી કરજે પૈસા કાઢે છે અને પછી તે આપવાની સત્તા રેહેતી નથી, ત્યારે તેઓ ખરેખરા ફસાઇ જાય છે. અનેક દુર્ગુણોને તેઓ સેવે છે. ખરી ગરજ વગર ઉડાઉ અથવા કુલક્ષણી માણસ એકના બે લખાવીને વ્યાજે નાણા ઉપાડે છે, તેઓ વ્યાજ ખાઉઓ પાસે અરધી રાતે જાય છે, અને ઓશિયાળા બનીને દીન વચનથી માથાં મુંડાવીને નાણાં કઢાવે છે. ગરજવાનના સંબંધમાં આ વ-

ચન અસત્ય નથી, ગરજવાનને થયેલા ક્ષયની દવા નથી. ઉછીના નાણાથી તે જીંદગીનો દુઃખી દોરો વધારી મોતનુ બીછાનુ સેવે છે, પણ અંતે તે મોતને તાબે થાય છે. " (શેક્ષપીયર.)

કરજના ઉંડા ખાડામાથી કરજવાન નિકળી શકતો નથી. ગરજવાન થઇને કરજે નાણા કઢાવનાર લોકો અન્ય દેશ કરતા આ દેશમા વધારે મળી આવશે.

વગર પૈસે ફીશીઆરી મારીને ઘણા લોકો કરના બંધનમાં જાણી જોઇને બંધાય છે. "દેવુ કટાળા ભરેલુ છે, પણ આજના વખતમા લેનાર દેનાર તેથી વધારે કટાળે છે " આ પ્રસિદ્ધ કહેવત સત્ય છતા અસત્ય ઠરાવનારાજ આ સમયમા એક નહિ પણ અનેક મળી આવે છે. આવા કરજના ભયકર મરકીના વર્ણનથી કમકમાટી છૂટે છે એક ગરજાઉને વ્ય ખાઉએ આપેલો નીચલો જવાબ રમૂજી છે.

ગરજાઉ—સાહેબ ! આ ગરજની વખતે એક સોજ રૂપિયા જો આપ ધીરશો તો હું તમારો હમેશાનો આભારી થઇ રહીશ. શાહુકાર–એટલી લાંબી મુદ્દત સુધી હું નાણા ધીરતોજ નથી.

કરજથી ગમે તેવો પ્રમાણિક માણસ પણ દુઃખી થઇ જાય છે. નામાંકિત ડગ્લાસ જેરોલ્ડ કહે છે કેઃ—

કરજ કેવી ભયંકર પ્રજાનો પિતા છે? કેવું જુઠાણું કેવું નીચપણું, સ્વમાનના ઉપર કેટલા હુમલા ? કેટલી ફિકર? કેટલી લુચાઈ ? થોડી વારમાં તે નિર્મળ સ્હોરાઇ ગયેલા ચ્હેરાનો ને મ્હોડાપર કરચલી વળેલો થઇ જાય છે. પ્રમાણિક અંતઃકરણને તે કેવી રીતે ખંજરથી ઘાયલ કરે છે” ?

'ઘણા વિદ્વાન માણસો પણ કરજમાં ફસાઇ જાય છે, તેથી “ખરચ્યા પહેલા તું તારા ગજવાને પૂછ.” એ કહેવત ઘણા ડાહ્યા માણસો ભૂલી જાય

છે, અને અયોગ્ય ખર્ચ કરવાથી તેઓ તંગીમાં આવી પડે છે, અને તેઓને પૈસા વ્યાજે કાઢવા પડે છે. પાછળથી ચઢેલા વ્યાજ સાથે પૈસા પાછા આપવા પડે છે, તે વખતે તેઓને બહુજ મુશ્કેલી નડે છે. વ્યવહારની વાતમાં યોગ્ય ઉદારતા તથા યોગ્ય કંજુસાઈ માણસને મ્હોટે દરજ્જેથી નીચે ઢોળી પાડે છે. પ્રખ્યાત લોર્ડ બેકન પણ અવિચારના ખર્ચથી ફસાઈ પડયો હતો. તેના ઉપર લાચ લેવાનું તોહોમત આવ્યુ હતુ. તે લાચ તેણે પોતાની તંગી દૂર કરવાને માટે લીધી હતી એવો શક જાય છે.

અર્થ વિદ્યામા પ્રવીણ પુરૂષો પણ પોતાના ઘરની બાબતોમાં વ્યવસ્થા રાખી શકતા નથી. આ તેઓની ખામી પરોપકાર અને રાજ્યક્રિય ફરજોમા તેઓનું લક્ષ રોકાયાને લીધે કે પછી ગફલતીને લીધે થાય છે તે નક્કી કહી શકાતું નથી.

ત્રીજા જયોર્જ રાજાનો પ્રધાન પીટ ખરેખરી

મુશ્કેલીના વખતમાં રાજ્યમહેસૂલની વ્યવસ્થા રાખતો હતો, તોપણ પોતે કરજમા હમેશા ડુબેલો રહેતો. પીટનો સમો વડીઓ પીક્ષ પણ મ્હોટો કરજદાર હતો. આ વખત તેણે રમતમાં એક લાખ ઉપર રૂપિયા ગુમાવ્યા હતા. પોતાની ખોટ પુરી પાડવાને તે યાહુદી લોકો પાસેથી ભારે વ્યાજે નાણાં ઉછીના લેતો. આવા વ્યાજે નાણાં કઢાવનાર ઉડાઉને એટલીજ શિખામણ બસ છે કે "તુ તારો લ્હેણદાર રાખે તો ઘણોજ કંજુસ તથા અધીરીઓ રાખજે, કેમકે તેથી તું ઉડાઉ તથા દેવાદાર થતો બચશે. જો તારે જાણીજોઇને દેવાળું કાઢવું હોય તો, તારે તારા ગજા ઉપરાત જોખમનો તથા સટ્ટાનો વેપાર કરવો."

કાઉપર કવિ પણ મ્હોટો કરજદાર હતો. તે તો વળી એંમ પણ કહેતો કે, ઉડાઉ નહિ હોય એવો કોઇ પણ કવિ મેં જાણ્યો નથી. આવા એકાદ બે દાખલા આપણી નજર આગળ આપણા કવિઓના પણ છે. અક્ષરવિદ્યામાં વિદ્વાનોએ ગમે

એટલો વધારો કર્યો હશે, અને તેઓની વિદ્યાના મીઠાં ફળ આપણે ગમે તેટલાં ચાખતા હોઇશું પણ એટલો દોષ તો આપણે ઘણા વિદ્વાનોને માથે મૂકીશું કે તેઓએ અર્થવિદ્યાનો નાશ કરીને અક્ષરવિદ્યાનું સેવન કર્યું છે.

ગોલ્ડસ્મિથ કવિ જેણે રાજ્યક્રિય કરકસર વિષે એક ટુંકો નિબંધ લખ્યો હતો તે મ્હોટો જુગારી હતો અને કરજમા ડુબેલો રહેતો વિદ્વાન વર્ગના મ્હોટા ભાગ ઉપર જે દોષ આપણે મૂક્યો તે આગળ આપેલા દાખલા સિવાય બાયરન, સ્ટીન, શેરીડાન. સિડનીસ્મિથ અને ડીફો વગેરેના દાખલા ઉપરથી સાબિત થાય છે.

કેટલાકો કમાય છે ખરા, પણ તેમના હાથમાથી પારાની માફક કમાઇ વેરાઇ જાય છે. એવા માણસો ધનાઢ્ય થઇ શકતા નથી. તેઓની સ્થિતિ "આંધળી દળે ને કૂતરાં ચાટી જાય" એવી રહે છે. કવીશ્વર દલપતરામ કહે છે કે—

(મનહર.)

કમાઇ કમાઇને કમાણી ધૂળધાણી કરે,
અંતે સારો શ્રીમંત થયો કયારે સંસારમાં,
ભણી ભણી ભૂલી જાય, ભણેલુ સંભારે નહિ,
કહે દલપત થયો કુશળ વેવારમા,
આંધળી દળેને આટો ચાર સ્વાન ચાટી જાય,
એ તે આટો કયારે એને આવશે અહારમા,
સાત ડગ સામા ભરી પાચ ડગ પાછો ફરે,
કહો એ તે સંઘ કયારે પહોંચશે દ્વારમાં.

કરજ વિષે આ પ્રમાણે અંગ્રેજી કહેવતો પણ ચાલે છે.

(૧) કરજ પોતાની મેળે બનાવેલી હાથની બેડી છે અને પગની પાંખ છે.

(૨) કરજ એક આદમીની રોટલીમાંથી બીજા આદમીને માટે લીધેલો કકડો છે.

(૩) કરજ એક ખાડો છે, કે જેમાં ઘણા મુ-

સાફરો ટુંકે રસ્તે જવાના લોભથી ફસી પડે છે.

(૪) કરજ રૈયતને સરકારે આપેલો દાખલો છે. સઘળા લોકોએ નીચલી કહેવત યાદ રાખવાની જરૂર છે.

"કરજ કરીને ઘર કરવું નહિ પરંતુ કરજ
" કરીને કુવો કરવો, જેથી દર વર્ષે અમુક રકમ
" ઉત્પન્ન થઈ તેનુ વ્યાજ મળે અને નફો પણ રહે."

જાણીતા ધનાઢ્ય પુરૂષો બહુજ કરકસરીઆ હતા. જેની અખૂટ દોલત વિષે એમ કહેવાય છે કે, તે દર મિનિટે ત્રણ રૂપિયા ખર્ચે ને કાંઇ કમાય નહિ તોપણ જેની તીજોરી પાચસેં વર્ષ સુધી ખાલી થાય નહિ. મેકેજો નિવાડાનો રાજા કહેવાય છે તે તથા જેગોલ્ડ, મીસીસ ગ્રીન અને ઈંગ્લાડની પ્રખ્યાત રોથચાઈલ્ડની પેઢી વગેરનો દાખલો લેતા માલમ પડે છે કે—યોગ્ય કરકસર વડેજ તેમને અખૂટ દોલત પ્રાપ્ત થઇ છે. વેપારમાં અને કો-

લતમા અમેરિકન પ્રજા હાલ સર્વોત્તમ ગણાય છે. દુનિયામાં હાલમાં જે મ્હોટા પૈસાદાર ગણાય છે તેનો મોટો ભાગ અમેરિકનોનો છે. મિ.જે. ગોલ્ડ. અને મીસીસ ગ્રીન ન્યુયોર્કના વતની છે. એ બન્ને પૈસાની બાબતમા એક બીજાના હરીફ ગણાય છે. મીસીસ ગ્રીનને પોતાના બાપના બીજા કરોડો પૈસા મળ્યા હતા. તે પૈસામા તેણે કરોડો રૂપીઆનો વધારો કર્યો, તે પણ પોતાની જાત મહેનત અને કરકસરથીજ. એનો ધણી મિ. ગ્રીન પણ વેપારમા કુશળ છે. પરતુ તેણે એકાદ બે વખત ખત્તા ખાધી હતી અને કરજમા ડુબી ગયો હતો. મિસીસ ગ્રીન હિસાબ રાખવામાં તથા વેપારમાં એવી ચાલાક છે કે, તે દરેક કાર્યમા ફતેહ પામ્યા વિના રહેતી નથી. તેની અખૂટ દોલત છતા તે હમેશાં બહુજ સાદી અને કરકસર કરતી રહે છે.

ઘરસૂત્ર ચલાવવા સબંધી આપણા કેટલાએક વ્હેમો વિષે જો વિચારી જોઇએ તો આપણને

માલમ પડશે કે તેમાં મુખ્ય કરીને કરકસરનો પાયો છે. આપણા કેટલાએક વ્હેમો ઉપરથી જોઇનેજ આપણે ધિક્કારીએ છીએ, પણ ઉંડા ઉતરીને જોતાં તે ધિક્કારવા જોગ જણાતા નથી. એ વ્હેમોમાં આચારવિચાર તથા નીતિરીતીની અને કરકસરની ઉમદા બાબતો સમાએલી છે. જેમ કે દીવેટ આંગળીએ સંકોરી ને દીવાએ લુછીએ તો ઘરમાં કરજ વધે, માટે સળીવતી વાટ સંકોરવી. મતલબ કે એકથી અધિક વાર આગળા તેલમા બોળીએ તો આંગળીએ તેલ ચોટી આવે અને દીવાલ ખરાબ થાય. એ નુકસાન જોતાં થોડું છે, પણ હમેશાં જો તેમ કરવાની ટેવ પડે તો અતે મોટું નુકસાનકરતા થઇ પડે અને કપડાને તથા પાનાં પુસ્તકને ડાઘ લાગે.

બીજું એવું કહેવાય છે કે અનાજનો દાણો જો પગે પીલાય તો પાપ લાગે મતલબ કે ભોંયપર વેરાયેલા દાણા પણ વીણી લેઇને કોઠીમાં નાખવા.

નકામા જવા દેવા નહિ. વગેરે વગેરે. નજીવી ચીજોને પણ રદ ન કરવી, એવો કરકસરનો હેતુ છે. ખ્રિસ્તિ ધર્મપુસ્તકમા એક જગ્યાએ કહેલુ છે કે—

જે નાની ચીજોને ધિક્કારે છે, તે થોડે થોડે નાશ પામે છે."

મનુષ્યની જીંદગી નાના નાના બનાવોના ક્રમ ઉપરથી બનેલી છે. જેમાંના દરેક બનાવ સરખાવી જોતાં તો બહુ ઉપયોગી નથી, તોપણ દરેક માણસનું સુખ અને ફતેહ એ નાના બનાવોનો જે પ્રમાણે આપણે લાભ લઇએ છીએ, તેમ તેઓના પર આધાર રાખે છે. કોઇપણ ધંધામા જુઓ તો માણસની ફતેહ અથવા ચઢતી નાની વસ્તુઓ તરફના તેના લક્ષ ઉપર આધાર રાખે છે. ઘરનું સુખ તે સારી પેઠે ગોઠવેલી અને જોઇતા બંદોબસ્તવાળી નાની વસ્તુઓનું પરિણામ હોય છે, એમ કહીએ તો ચાલે.

એક સંસ્કૃત વિદ્વાન કહે છે કે—

किं क्षणस्य कुतो विद्या, किं कणस्य कुतो धनं॥

મતલબ—જેને ક્ષણની કિંમત નથી, તે વિદ્વાન થઇ શકતો નથી અને જેને નાના કણની કાળજી નથી, તે ધનાઢ્ય થતો નથી.”

રાણી ઇલીઝાબેથને મરવાના બિછાનાપર અંતકાળેજ વખતની કિંમત સમજાઇ હતી. તેણે વખતની કરકસર ન કરી તેથી મરતા મરતા પસ્તાવો થયો કે, “અરે વખત, અરે વખત! એક પળને માટે આખી દુનિયાનો ખજાનો થોડો છે.”

ઘણું કિંમતી જ્ઞાન અને અનુભવનો ખજાનો એ લક્ષપૂર્વક સાચવી રાખેલા જ્ઞાન સંપાદન કરવાના અને અનુભવ મેળવવાના નાના નાના સંયોગોનું ફળ છે. જેઓ એવા એવા પ્રસંગો જવા દે છે, તે કોઇપણ જાણી શકે નહિ, તેમજ કાંઇ-પણ પુંજી પ્રાપ્ત કરી શકે નહિ. એવા લોકો એમ ધારે છે કે, નસીબ આપણી વિરૂદ્ધ છે, પણ ખરૂં

જોતા તો તેઓ પોતેજ પોતાના શત્રુ છે. લોકો નસીબની વાતને લાબા વખતથી માનતા આવેલા છે પણ એ ખોટા મતનો ધીમે ધીમે નાશ થતો જાય છે. ઉદ્યોગી માણસોને ઠસી જાય છે કે, ઉદ્યોગજ નસીબને પેદા કરે છે. અથવા બીજા બોલોમા કહીએ તો દુનિયામાં માણસની ફતેહ નાની વસ્તુઓ તરફની તેની કાળજી, તેનો ઉદ્યોગ તથા તેના યત્નના પ્રમાણમા હોય છે. મહાન પુરૂષો ઉદ્યોગથીજ મહાનપદ મેળવે છે નસીબથી નહિ.

એક અમેરિકન વિદ્વાન કહે છે કે—

"નસીબ કાંઈ મળે કાંઈ મળે, એમ હમેશાં વાટ જોતું બેસી રહે છે. ઉદ્યોગ બારીક નજરને દઢતાથી હમેશાં કાંઇ કાંઇ મેળવે છે. નસીબ પથારીમા પડી રહે છે અને ઈચ્છે છે કે, ટપાલવાળો કાંઇક વારસાની વધામણી લાવે તો સારૂં. ઉદ્યમ ૬ વાગ્યા પહેલાં ઉઠે છે, અને ઉદ્યોગી લેખક અથવા રણકારા મારતા હથોડાથી પુરતી પુંજીનો પાયો નાખે છે. નસીબ શોક કરે છે. ઉદ્યમ આનંદ કરે

છે. નસીબ ખોટી આશા ફલિભૂત થાય એવી ઇચ્છા કરે છે. ઉદ્યોગ જાતિબળ ઉપર આધાર રાખે છે. કર્મ મોજમઝામા ગરકાવ થઇ જાય છે અને ઉદ્યમ આગળવધ્યા કરે છે અને સ્વતંત્રતાને ઇચ્છે છે

દેખીતી તો નજીવી વસ્તુઓની ગફલતથી ઘણા ઉત્તમ પ્રકારના સાહસ કર્મો અને મ્હોટું હાંસલ મળે એવા ધંધાનો નાશ થઇ ગયો છે. સ્વપરાક્રમનો કર્તા મિ. સ્માઇલ્સ કહે છે કે "જે વહાણ વેપારીના ખજાના સ્વદેશ લઇ જતું હતું તે વ્હાણ બંદર છોડતાંજ નાશ પામ્યુ કારણ કે, વહાણના તળીઆમા એક ઘણુજ ન્હાનું છિદ્ર હતું.

એક ચુક વગર લશ્કરી અમલદારના ઘોડાની નાળ ખરી પડી. એ નાળ વગર ઘોડાનો નાશ થયો અને ઘોડા વિના તે લશ્કરી અમલદારનો જીવ ગયો, કેમકે શત્રુએ તેને પકડી મારી નાખ્યો. એ લશ્કરી અમલદારની યુદ્ધકળા જેની ઘણી જરૂર હતી તે વેના મરણથી જતી રહી, એટલે

તેના મુખ્ય સેનાપતિના લશ્કરનો નાશ થયો અને એ સઘળુ ઘોડાની નાળમાં એક ન્હાની-નજીવી ચુંક બરાબર બેસાડવામા આવી નહોતી તેને લીધે થયું.

આ પ્રમાણે ન્હાની વસ્તુઓ તરફ લક્ષ આપવું, એટલે પાઇ પાઇ કરીને પૈસો એકઠો કરવો એમ થાય. માણસે કરકસર કરવી તેનું કારણ એ છે કે, તેણે આરંભમા કહ્યા પ્રમાણે પોતાના અને પોતાના કુટુંબના ભરણ પોષણને માટે જોઇએ તેટલી પુંજી એકઠી કરી રાખવી જોઇએ અને પ્રસંગે પ્રસંગે યોગ્ય ઉદારતા બતાવવી જોઇએ જે લોકોએ પુષ્કળ દ્રવ્ય એકઠું કર્યું હોય, પણ તેનો ઉપયોગ કરતા ન હોય ને કોઇને કાંઇ આપતા ન હોય તેઓ ખરેખર આ દુનિયામા ધનના સાચવનાર તરીકેજ જન્મેલા હોય છે. એવા કૃપણો આ દુનિયામાં સાર્થક કરી જતા નથી. આપણા એક પ્રખ્યાત કવિ બોધ દઇ ગયા છે કે, "

" દાટ કૃપણનું દ્રવ્ય "

એવા સૂમનો પૈસો દાટેલોજ સમજવો શેક્સપીયર કહે છે કે—

"જો તારી પાસે પૈસો હોય ને ન વાપર્યો તો તે શા કામનો? છતે પૈસે તું ગરીબ છે, કેમકે ગર્ધવ જેની પીઠપર સુવર્ણ લાધેલુ હોય છે, તેની માફક તું દ્રવ્ય થોડીવાર થોડેક છેટે વહી જાય છે, મૃત્યુ આવીને તે ભાર તારે માથેથી ઉતારે છે."

કહેવત છે કે "ચોરા પાયા ઉન્ને બૌત ખાયા, બૌત ખાયા ઉને સબ કુછ ગુમાયા."

જે શખ્સ પોતાની કમાણીમાંથી યોગ્ય દાન કરે છે, તેની કમાણી સાર્થક છે, અને જે "સૂમ" થાય છે, તેનું રળેલુ નિર્થક સરખુ છે.

સંસ્કૃતમાં એક વાકય છે કે—"જેણે ધન વાવર્યું નહિ એવા મનુષ્યમા કાઇજ દમ નથી." ફારસી કવીશ્વર શેખસાદીનું આ વાકય સોનાના મૂલ્યનું

છે. બે જણની મહેનત છુટી પડી અને તેઓએ ખાલી તસ્દી ભોગવી એમ સમજવું." એક તો જેણે દોલત મેળવી પણ ખરચી નહિ અને બીજો કે જેણે ઈલમ હાસલ કર્યો પણ તે ઉપર અમલ ન કર્યો. તમે ગમે એટલો ઇલ્મ શિખો પણ જ્યાં સુધી તે પ્રમાણે અમલ કરો નહિ ત્યાં સુધી નાદાનમા ખપો એમાં શક નથી. ગધેડાની પીઠપર પુસ્તકો લાધ્યાથી કાંઇ તે ભણેલો થતો નથી, કેમકે તેને તો ખબર પણ નથી કે મારી પીઠપર બોજો છે. તે લાકડાથી ભરેલો છે કે કિતાબોથી ભરેલો છે.

જે કૃપણ પોતાના અથવા પારકાના ઉપયોગમા દ્રવ્ય વાવરતો નથી. એ દ્રવ્ય પોતાનું છતા પારકાના દ્રવ્ય સરખું છે. આ ખરૂં છે.

असंभोगेन सामान्य कृपणस्य धने धनं.

ત્યારે હવે કેવા મનુષ્ય પ્રત્યે ધનની ઉદારતા કરવી કે જેથી તે દ્રવ્યનો નાશ ન થાય? અને

ઉગી નીકળે. આના સંબંધમાં એક સંસ્કૃત શ્લોક બહુજ બંધબેસ્તો છે.

"સત્યવાદી પુરૂષને થોડું હોય તોપણ આપ્યું તેનો નાશ થતો નથી. જેમ ચંદ્રની સર્વ કળાનો ક્ષય થાય છે, પરતુ એક કળા તો શંકરના કપાળને વિષે સ્થિર છે, તેનો નાશ થતો નથી."

સજ્જન પુરૂષનેજ દાન ધર્મ કરવાનું કારણ એક કવીશ્વર લખે છે કે—

સજ્જન માણસને અવગુણ કર્યો હોય તોપણ તેનો તે વિચાર ન કરતા ગુણના રૂપમા બાહાર કાઢે છે. જેમ સમુદ્રનું ખારૂ પાણી મેઘ-દ્વારા મીઠુ થઈ પડે છે, અને સર્પને મધુર દૂધ પાયું હોય તોપણ તેનું વિષ થઈ જાય છે."

આવી ઉદાર બુદ્ધિવાળા પુરૂષોજ શૂરા છે; અને તેમનોજ અવતાર સફળ છે. એક સંસ્કૃત પંડિત આ મતને ટેકો આપે છે કે—

"પશુ અને પક્ષિઓ યુદ્ધ કરે છે, અને

શુક સારિકા ભણે છે, પણ જે માણસ ઉદાર બુદ્ધિથી દ્રવ્ય વાપરે છે તેજ શૂરવીર અને પંડિત છે."

એવા શૂરવીર પુરૂષોમા રાજા કર્ણ બળવાન, બલિરાજા અને બીજા પણ પ્રાચીન રાજાઓ પ્રખ્યાત થઇ ગયા છે. આધુનિક સમયમા કચ્છના શ્રીમત મહારાવ શ્રી, પહેલા બારોનેટ સર જમશેદજી જીજીભાઇ, ભાવનગરના ઠાકોર સાહેબ વગેરે જનહિતેચ્છુ પુરૂષોની ઉદારતા જગ જાહેર છે. "હાથે તે સાથે' એ ઉદાર સૂત્ર ઘણા ઉદારવૃત્તિના પુરૂષોને મ્હોડે આપણે સાભળીએ છીએ. આ સંક્ષેપ બોધને મળતો ડોન્કેસ્ટરના રોબર્ટ સંબંધી એક લેખ તેની કબર ઉપરનો અસરકારક છે.

"અત્રે કોણ કોણ છે? કાડોન્કેસ્ટરનો રોબર્ટ.
" જે મારે હાથે ખરચાયુ તે મારી પાસે હતુ.
" જેનું મેં સ્વહસ્તે દાન પુણ્ય કર્યુ તે મારી સાથે
" છે ને હુ ઘરમા મૂકી આવ્યો તે મે ખોયુ"

આ શિલાલેખને મળતાં વાકયો આપણા સંસ્કૃત બોધ સંગ્રહમાં અનેક છે કોણ કહેશે કે આ વચન સત્ય નથી ?

यद् ददाति यदश्नाति तदेव धनिनो धनं ।
अन्ये मृतस्य क्रीडति दारैरपि धनैरपि ॥ १ ॥

અર્થ–" જે દ્રવ્ય સારા કાર્યમાં વાવર્યું, અને સજ્જન પુરૂષોને આપ્યું એજ ધનવાનના ધનનો સારો ઉપયોગ થયો છે. જેમ સ્ત્રી અને ધન મુઆ પછી કોઇકજ ભોગવે છે, માટે આપણે હાથે આપણે જે પૈસા પેદા કર્યા હોય તે બીજાને હાથે ન વાપરવા દેતા જે હાથે પોતે પેદા કર્યા હોય તેજ હાથને વાપરવા દેવા એ વધારે સારૂં છે.

આ ઉપરથી એક મહાત્મા સામાન્ય રીતે બોધ કરે છે કે—

य ददाति विशिष्टेभ्यो यश्चाश्नाति दिने दिने ।
तद्वित्तमहंमन्ये शेष कस्यापि रक्षसि ॥ १ ॥

"ભાઇ તું જે દ્રવ્ય શ્રેષ્ઠ લોકોને આપે છે તથા જે દ્રવ્યનો તું ઉપયોગ કરે છે, તેજ તારૂં દ્રવ્ય છે, અને બાકીનુ દ્રવ્ય બીજાને માટે તુ જાળવી રાખે છે"

વળી હિતોપદેશનો કર્ત્તા કહે છે કે—

उपार्जितानां वितानां त्याग एवहि रक्षणं ।
तडागोदर संस्थाना परीवाह इवांभसां ॥ १ ॥

મતલબ-(ગીતિ.)

પૈસો પેદા કીધો, રક્ષો તે જે દાન કરી દીધો,
જેમ જળાશય ઉરમા, જળસંચય તો ભરણુથકી કીધો.

ઉદારતા કોઇ પુરૂષો કરી શકતા નથી તે બાબત એક લખનાર ઠીક દૃષ્ટાંત આપે છે.

श्लोक.

नकुक्कुटो गच्छति हसलीलया,
न वायसो गर्जति कोकिलास्वर,
यवाः प्रकीर्णा प्रभवति शालिनो,
तथाहि नीचः प्रकृति न मुचंति.

"કુકડો કોઇ કાળે હંસની ચાલ ચાલી શકતો નથી. કાગડો કોકિલા જેવા સ્વર કાઢી શકતો નથી. જવનાં બીજ વાવેલા હોય તો ડાગર નીપજતી નથી. તેમજ નીચ માણુસ પોતાની નીચ પ્રકૃતિ છોડી શકતા નથી, માટે તેવા પુરૂષોથી ઉદારતા કે પરોપકાર થવો ઘણોજ કઠણ છે."

પણ ઉંચ બુદ્ધિવાળા મહા પુરૂષો ઉદારતામાજ આનંદ માને છે. મહાત્મા પુરૂષો પ્રાણ આપતાં પણ હાથ ખેંચી લેતા નથી. પુરાણમા એક શ્લોક છે કે—

कर्णस्त्व च शिबिमासिजीवजीमूत वाहनः ।
ददौ दधिचिरस्थीनिनास्त्यदेयं महात्मना ॥

"યાચકને કરણે પોતાની ત્વચા આપી અને શિબિ રાજાએ યાચકને પોતાના શરીરનુ માસ આપ્યુ, વિરોચને પ્રહલાદના પુત્રે યાચકને પોતાનો પ્રાણ દીધો અને દધિચી ઋષિએ ઈંદ્રને વજ્ર કરવા માટે પોતાના હાડકા

આપ્યા મતલબ કે પોતાનો પ્રાણ આપ્યો. એવી રીતે મહાત્માઓને અધિક વસ્તુ કાંઈજ નથી. ”

આવા ઉદાર મનવાળા મહાત્મા પુરૂષો પછી તે હલકી પંક્તિના હોય તોપણ તેમનુ સેવન સર્વે કોઈ કરે છે, પરતુ મ્હોટા દરજ્જાના અથવા મ્હોટા કુળના હોવા છતા જે ઉદાર મનના નથી તેમની સામુ કોઇ આડી નજર પણ કરતુ નથી. સંસ્કૃતમા એક શ્લોક છે તે આપણુ ધ્યાન ખેચે છે.

“ નીચ પણ જો તે દાતા હોય, તો તે સેવવા યોગ્ય છે, અને મ્હોટો પુરૂષ પણ જો તે ઉદાર ન હોય તો તેની સેવા મનુષ્યો કરતાં નથી. જેમ જળની ઈચ્છા કરવાવાળા એવા જે તૃષ્યાતુર લોકો દાતા એવો જે નીચો કુવો તેને સેવે છે પણ મ્હોટો એવો જે મહા સાગર તેને સેવતા નથી. ”

આવા ઉદાર પુરૂષો મુખે મ્હોડે પોતાની

ઉદારતા ચાલુ રાખે છે, પણ ઘણા મનુષ્યો તો કીર્તિને માટે થોડી ઘણી ઉદારતા કરે છે. આનુ નામ ઉદારતા ન કહેવાય. વાજીંત્ર વગડાવીને દ્રવ્ય વાવરનારનું દ્રવ્ય ફોકટની કીર્તિમા તણાઇ જાય છે, અને તેનો બદલો એક કીર્તિ સિવાય બીજો મળતો નથી. ઉદાર પુરૂષો તો પોતાના કલ્યાણને માટેજ ઉદારતા કરે છે. તેઓ પાત્ર જોઇને ગુપચુપ દાન પુણ્ય કરે છે, અને તેનો જે બદલો કીર્તિ તે લેવાને બદલે જગતકર્ત્તા-ને પ્રસન્ન કરવાનુજ વધારે પસદ કરે છે. એ તે-મની ઉદારતા ખરી છે, અને તેનું ખરૂં ફળ પણ સૃષ્ટિકર્ત્તા જોઇએ એવુ આપે છે. દાન એજ કહેવાય કે, જે છુપુ આપવામા આવે છે. પુણ્ય પણ તેમાજ છે અને યશ પણ તેમાજ છે. મહાત્મા ઈશુક્રાઇસ્ટ પણ ગુપ્ત દાન ધર્મ કરવાની આજ્ઞા કરે છે. ¶તું તારા દાન ધર્મ કરે છે, ત્યારે જે

¶બાઇબલ અધ્યાય ૬ ઠો.

તારો જમણો હાથ કરે તે તારો ડાબો હાથ ન જાણે એ માટે કે તારા દાન ધર્મ ગુપ્ત થાય અને ગુપ્તમા જોનાર તારો બાપ પ્રકટમા તને પાછુ આપે."

આપણા ધર્મ શાસ્ત્રમા પણ ગુપ્ત દાન ધર્મ કરવાનુ મ્હોટુ પુણ્ય કહેલુ છે માટે જો ઉદારતા કરવી તો તે ગુપ્તજ કરવી. જાહેર કરવાની કાંઈ જ જરૂર નથી.

એક લખનાર ઉદાર અને યાચકનો આ પ્રમાણે તફાવત બતાવે છે.

एकेन तिष्ठताऽधस्तादन्योनो परितिष्ठता;

दातृ याचकयोर्भेदः कराभ्योमेत्र सूचितः

અર્થ —"એક હાથ હેઠો રહ્યાથી અને બીજો હાથ ઉપર રહ્યાથી દાતા અને યાચક એનો તફાવત માલુમ પડી આવે છે."

કરકસરના ફાયદા બીજાઓને મળે છે. ઔષધશાળા સ્થાપવી, સદાવ્રત આપવુ, પાઠ-

શાળાઓ ઉઘાડવી અને બીજા અનેક ફાયદા કરવા એ કરકસર કરનારા ઉદાર માણસોનુ કામ છે. પરોપકાર એ મન અને અંતકરણની સર્વોત્તમ પેદાશ છે. પરોપકાર કરવાના નિયમ "હર્ટિર્ન" નામે એક જર્મન પંડિત આપણને આ પ્રમાણે જણાવે છે.

"જેવી પ્રભુ આપણી બરદાસ કરે છે, તેમ ચાલી આપણે આપણા ભાઇબંધોની મદદે જઇએ. સૂર્ય જેમ નઠારા અને પવિત્ર માણસો-પર અજવાળુ નાખે છે, જેમ તેનાં કિરણો પહાડો અને ખીણો તેમજ પહાડના શિખર સોનેરી કરે છે, તેમજ આપણી જીંદગી પણ આપણા ભાઇ-બંધુઓની સેવામા આપણે ગુજારીએ છીએ. ઇશ્વર કરે ને આપણાજ દીલમા ઉદાસીના ઝરા વહેતા થાય અને એવી રીતે રહીએ અને ચાલીએ કે માણસ જાતને આપણી જીંદગી એક આશિર્વાદ રૂપ થઇ પડે.

મહાન પુરૂષો ઉદારતા કરતાં નાતજાતનો

અથવા ઓળખીતા પાળખીતાઓનો પક્ષપાત કરતા નથી. પાત્ર જોઇનેજ ઉદારતા કરે છે એજ પુરૂષોનો ધર્મ છે કે—

अय निजः परो वेत्तिं गणना लघु चेतसा ।

उदार चरितानां तु वसुधैव कुटुंबक ॥

"આ ન્હાનો કિંવા મ્હોટો એ વાતનો વિચાર આપ બુદ્ધિવાળાને રહે છે ને મ્હોટા ઉદાર મનવાળાને તો આખી સૃષ્ટિ એ પોતાનું કુટુંબ છે."

ઉદારતા કાંઇ દ્રવ્યવડેજ થતી નથી, મનની ઉદારતા ધનની ઉદારતા કરતા વિશેષ છે વેરીઓનું વેર ભૂલી જઇને તેના સગાવહાલાને માફ કરવુ, એ કાંઈ જેવી તેવી ઉદારતા નથી. શત્રુઓના અનેક અપરાધ ક્ષમા કરી મ્હોટું મન દેખાડવું એ મ્હોટા પુણ્યની વાત છે. મહાત્મા ઇસુખ્રીસ્ત શત્રુઓને આશિર્વાદ દેવાનો ઉપદેશ કરે છે.

"જે તમારો દ્વેષ કરે છે, તેઓનું ભલું કરો

"અને જે તમારૂ ભુડું કરવાને તમારી પુઠે
"લાગે તેઓને સારૂ પ્રાર્થના કરો."

એક બીજો લખનાર આ ઉપદેશને ટેકો આપે છે કે, "તારા દુશ્મનને સૌથી ઉત્તમ ચીજ જો તુ આપવા માગતો હોય તો તે ક્ષમા છે. તારા દોસ્તને તારૂ દીલ આપ. તારા સતાનને સારો દાખલો આપ. જે પ્રમાણે તે વરતે. તારા મુરબ્બીઓને માનમરતબો આપ તારી મા તરફ એવી અદબથી ચાલ કે જેથી તે તારી ચાલ તરફ મગરૂર રહે. તારી પોતાની આબરૂ તારા હાથમા રાખ. તારી સામે થનારને તે જે છુટ લે તે લેવા દે અને સર્વે તરફ ઉદાર મન રાખજે."

નીચે લખેલા ઐતિહાસિક દષ્ટાંત કરતા મ્હોટા મનનું બીજું અસરકારક દષ્ટાંત ક્યા મળવાનુ છે.

"ઘણા વર્ષોની વાત ઉપર મૂર એટલે "મોરોકો" દેશના લોકોના હાથમા "સ્પેન" દેશનો થોડોક ભાગ આવ્યો. તે વેળા એક ન્હાની

ઉમરનો મૂર કોઇ સ્પેનીશ ગૃહસ્થને હાથે માર્યો
ગયો. આવો બનાવ બનવાથી પેલો સ્પેનિશ
ગૃહસ્થ ત્યાંથી ન્હાસી જવા નિકળ્યો અને પક-
ડવા આવનાર કોઇ જુએ નહિ એવી રીતે એક
જુની વાડી જોઇને તેની અંદર પેસી ગયો.
એ વાડીનો ધણી એક મૂર હતો. તેને જોઇને
પેલા સ્પેનિશ ગૃહસ્થે વિનતી કરી કે—આ જ-
ગ્યાએ થોડાક વખત મને ભરાઈ બેસવાની
જોગવાઇ આપશો તો મોટી મહેરબાની થશે.
એટલુ કહીને તેણે પોતાની હકીકત કહી સંભ-
ળાવી. પેલા મૂરને ઘણીજ દયા આવી એટલે
તેણે ગમે તે રીતે તેને બચાવવાની કબુલાત
આપી. રાત પડશે એટલે કોઇ વધારે બચાવ ભ-
રેલા જગ્યાએ નસાડી મૂકશે એમ કહીને પોતાના
બગલાના ઓરડામા સતાડીને તેણે બહારથી
તાળું માર્યું આટલુ કરીને પેલો મૂર માળી
પોતાને ઘેર આવ્યો અને હજુ તો જરા આ-
રામએશ લે છે, એટલામા એના પોતાના છોકરાની

લાશ લેઇને એક ટોળું રડતું હતું ત્યા આવી પહોચ્યું, ને ટોળાના લોકો કહેવા લાગ્યા કે, કોઈ એક સ્પેનિશના હાથથી આ છોકરો માર્યો ગયો છે. આ બનાવ જોઇને આ મૂરને તરત યાદ આવ્યું કે, જે માણસને બચાવવાને માટે મે સંતાડ્યો છે, તેણેજ મારા છોકરાને મારી નાખ્યો છે. તે છતા તેણે પેલા સ્પેનિશ ગૃહસ્થપર ગુસ્સો ન કર્યો ને સાંજના વખતે પોતાની વાડી તરફ ગયો ને પેલા સ્પેનિશને બહાર કાઢીને તેને પોતાના એક તેજી ઘોડાપર સ્વાર કર્યો ને પછી બોલ્યો, "ભાઇ ! જે માણસને તેં મારી નાખ્યો છે, તે મારો પોતાનો છોકરો હતો, પણ તારા ખુનનો બોજો તારા શિરપર રાખીને મારે તને નસાડી મૂકવો જોઇએ માટે નાશી જા. જ્યાં સુધી રાત છે, ત્યા સુધી નાશીશ એટલે કોઇ બચાવવાળી જગ્યાપર જઇ પહોચીશ. મારા છોકરાની કાળાશીથી તારું કપાળ ચોટી છે. એવા અપરાધમા હું નથી પડ્યો તેથી છ-

શ્વરનો પાડ માનું છુ" ધન્ય છે આવા ઉદાર મનવાળા મહ ાને !

મ્હોટું ન રાખવું એ પણ મ્હોટી ઉદારતા મનાય છે. જેમ પોતાનીપર જોખમ ખેચીને પારકા મનુષ્યનું કલ્યાણ કરવું, એ કાંઈ ઓછી ઉદારતા નથી ધ ાવડે ઉદારતા કરવાનું ઘણા મનુષ્યોથી બની શકતું નથી, સખાવત અથવા ઉદારતાના સંબ ંમા એક અંગ્રેજી કહેવત આ પ્રમાણે છે.

" સખાવત તે છે કે જેની પુઠે ઘણાઓ ચાલવાને ઇચ્છે છે, પણ તેને મ્હોડાની સામે આવી મળવાને ધિક્કારે છે. " ઉદારતા આઇસલાડના બરફના ટાપુમા તડકો છે." ઉદારતાનો અર્થ એજ છે કે, જે કોઈ પણ મનુષ્ય જાતીને ઉપયોગી થવું પડ્યો ધન હોય તો ધનથી બળ હોય તો તનથી, અને નહિ તો પછી મનથીજ. નીચલું દૃષ્ટાંત તનની ઉદારતા માટે ઘણુંજ અસરકારક છે.

"ડાએર" નામની એક સ્ત્રી મરણ પામી. તે મરણ પામી ત્યારે તેને લશ્કરી માન સાથે ભૂમિદાહ કરવામા આવી હતી. આ નમાકિત સ્ત્રીએ પોતાની જીંદગીમા ચોવીશ માણુસોને પાણીમા ડુબતાં બચાવ્યા હતા. એક વેળા એક પૂલ પડી ગયો અને કેટલાક માણુસો પાણીમા ડુબતા "ડાએન્ટ"ની નજરે પડ્યા તેથીજ તે પાણીમાં કૂદી પડી અને તેણે ઘણા માણુસોને જીવતા બહાર કાઢ્યા. તેને તેના પરોપકારી કામ સારૂ એક ચાદ નજર કરવામા આવ્યો હતો. "ડાએન્ટ" પોતાની ડાબી બાજુએ નિરંતર એ ચાદ લટકાવી રાખતી હતી આવા અનેક દૃષ્ટાંતો તનની ઉદારતાના આપણુને મળી આવશે

ઉદારતામા પરોપકારનો સમાવેશ થાય છે. ઉદારતા અથવા પરોપકાર કરવાથી બહુ બહુ લાભ થાય છે. બીજાના માથા ઉપર સુખનો વરસાદ વરસાવ્યાથી પોતાના માથાપર થોડા પણ છાંટા પડ્યા વગર રહેતા નથી. દ્રાક્ષના માંડવા

ઉપર એ જાતના ગુણ ધરાવનારી દ્રાક્ષ ઉગે છે જો તેને વેલા ઉપરથી તોડીને ખાધી હોય તો તે જીવને ખુશી કરે છે, પણ જો તે બીજી હાલતમા ખાધી હોય તો તે ખાનાર છાકટો બને છે અને તેનું પરિણામ પસ્તાવામા આવે છે.

આપણે વેલા ઉપરથીજ તોડીને દ્રાક્ષ ખાવી જોઇએ, તેમાં સ્વાદ અને મઝા આવે છે. તેવોજ ગેરફાયદો અને કજા બીજી રીતે ખાવાથી થાય છે. નજીવી સરખી ચીજ પણ જો તે મ્હોટું મન ધરાવીને આપવામા આવે તો તેના સરખી ઉદારતા કોઇજ નથી પોતાને અગવડતામા નાખીને પારકી જે સગવડતા કરી આપી, એજ ખરી ઉદારતા છે. મહાન્ પુરૂષો આપત્તિ કાળમા ઉદારતાના ભલા ગુણનો ત્યાગ કરતા નથી. એવી ઉદારતાનુ નીચે ટાંકેલુ ઐતિહાસિક દષ્ટાંત બહુજ ઉપયોગી થઈ પડશે.

" ડેન્સ " લોકોની લડાઇમાં હાર પામીને

પાદશાહ આલ્ફ્રેડ જ્યારે ઈંગ્લાડના એક પરગ-
ણામા આવેલો હતો ત્યારે આવા બારીક વખ-
તમા પાદશાહ પાસે ભીખ માગવાને એક કગાલ
ફકીર આવ્યો. તેને રાણીએ જવાબ દીધો કે,
" ભાઇ ! અમે ખચીત દિલગીર છીએ કે અ-
મારાથી તને કાઇજ મદદ થઇ શકતી નથી. કા-
રણ કે હમણા અમારી પાસે એકજ પાઉ છે, અને
એ પાઉં અમોને પણ પુરૂ પડી શકે તેમ નથી.
અમારા માણસો ખોરાકની શોધ માટે ગયા છે,
તેઓ પણ ઘાગુ કરીને ખાલી હાથે હમણા આવી
પહોચશે, તો તેમને પણ આ પાઉમાથી ભાગ
આપવો પડશે " તે સાભળીને તરત પાદશાહ
આલ્ફ્રેડે કહ્યું " ફિકર નહિ પ્યારી ! રાણી !
આપણી પાસે આખુ પાઉ છે, તેમાથી આ
ગરીબ ફકીરને આપો. બાકી રહેશે તેમાથી આ-
પણે જરા જરા વહેચી ખાઇશુ. આપણે હાલ
સારી હાલતમા છીએ થોડી ઘણી મહેનત કરવા-

થી આપણને કોઇક ઠેકાણેથી થોડુ ઘણુ ખાવાનું મળી શકશે, પણ આ બિચારો ફકીર જેને ચાલવાને પગ સાજા નથી, એવા ગરીબને રખડાવવા કરતા તેનાપર દયા કરવની જરૂર છે." એવુ બોલીને ઉદાર પાદશાહે તરત પોતાની પાસે જે પાઉં હતુ તેના બે કકડા કરીને એક કકડો તેને આપ્યો.

આજ ખરી ઉદારતા છે અને આજ ખરૂં પુણ્ય છે તંગીને વખતે કરેલી ઉદારતા સફળ થાય છે. એવી તક સાચવનારા પુરૂષો ઘણી સખ્યામાથી થોડાજ મળી આવે છે. એવા થોડા પણ ભલા કે જેઓ ઉદારતાનો ખરો અથ સમજીને તે પ્રમાણે વર્તી શકે છે.

દુનિયા ગમે એવુ બોલે તેના સામુ ઉદાર પુરૂષો જોવાની દરકાર કરતા નથી. તેઓ મતલબમા મતલબ એટલીજ રાખે છે કે, " કોઇપણ પ્રાણીનુ રૂડુ કરવું, પછી અદેખા લોકો ગમે તો નિંદા કરો અથવા સ્તુતિ કરો "

નિંદા વિષે લોર્ડ બેકન કહે છે કે—

"ઉમદા ફળોનો પક્ષીઓ નાશ કરી શકે છે. તેમજ નિંદા સારા અને ભક્તિમાન લોકોની ખરાબી કરે છે" તે છતાં નિંદાના ભયથી ઉદાર લોકો પોતાની ઉદાર બુદ્ધિ તજતા નથી તેઓ તો સર્વ ભાઇબંધોનું હિત કરવાનીજ ઇચ્છા રાખે છે. એક લખનાર ઉપદેશ કરે છે કે—

"તું સારૂં કરીને ખુશાલી લેય. પછી બીજા લોકો ગમે તો તારૂં બુરૂ બોલે તોપણ બોલવા દે. તેઓના બોલવાપર વિચાર ન કર."

આવા મ્હોટા મનવાળા ઉદાર પુરૂષો છે, અને બાકી વા તો ઉદારતાના પડદામાં ભરાઈને કીર્તિના કોટ ચણવાની મનતમ રાખનારા છે. ઉદારતા ધારણ કરવાની ફરજ શ્રીમાન્ લોકોનીજ છે એમ નથી ગરીબ લોકો પણ ઉદારતા કરી શકે છે, અને તેઓ પણ જગતનું કલ્યાણ કરવા સમર્થ છે. શ્રીમંત કહો કે ગરીબ કહો, ઉદારતા

કરવી ન કરવી એ સઘળું મન ઉપર આધાર રાખે છે. જેનુ મન મ્હોટું છે તેને ધન્ય છે. શ્રીમત છતા કૃપણ બુદ્ધિ જેની છે, તે આ જગતમા નકામો છે અને એવા પુરૂષોનું જીવવું કશા કામનું નથી. ધન્ય છે ઉદાર પુરૂષોને અને તેમની જનેતાને.